Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૨૧ • અંક : ૦૪ • તા. ૨૨ જાન્યુઆરી ૨૦૧૮ થી ૨૮ જાન્યુઆરી ૨૦૧૮ • વાર્ષિક લવાજમ રૂ. ૫૦ • Regn.No. MCS/217/2018-20

SHRI VIRJI LADHABHAI KDO JAIN VIDYARTHIGRUH - GHATKOPAR

## શ્રી વીરજી લધાભાઇ ક.દ.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ – ઘાટકોપર
## શ્રી ભવાનજી અરજણ ખીમજી એજ્યુકેશનલ કેમ્પસ

SHRI BHAWANJI ARJAN KHIMJI EDUCATIONAL CAMPUS

follow us on : / VLVG-BAK

1st Annual Day Celebration

**Navrang**

COLOURS OF VLVG-BAK

Dtd. Sunday, 7th January, 2018

**Venue : VLVG - BAK**
Cama Lane, Ghatkopar (West),
Mumbai - 400 086.



દીપ પ્રાગટ્ય કરતાં મહાનુભાવો



શ્રી હંસ ખીમજી – શ્રી મધુકાંત ખોના



વિદ્યાર્થી દ્વારા પોર્ટ્રેટ પેઇન્ટીંગ



સ્વાગત નૃત્ય



થાલી ડાન્સ



કન્યા છાત્રાલય દ્વારા ઘૂમર નૃત્ય



વિદ્યાર્થીઓ દ્વારા કરાટેનો દાવ



હુડી ડાન્સ



સંસ્થાના ટ્રસ્ટીશ્રી તેમજ પદાધિકારીઓ


વિદ્યાર્થીગૃહના સૂત્ર સંચાલકો


કન્યા છાત્રાલયની સૂત્ર સંચાલક અને નૃત્ય


આમંત્રિત મહાનુભાવો


માર્મિક નાટક


કોમેડી સર્કસ


મહિલા પ્રેક્ષકો


કન્યા છાત્રાલય દ્વારા નૃત્ય


લાઇવ મ્યુઝિક કોન્સર્ટ


સલાહકાર સમિતિ - પદાધિકારીઓ


બોલીવુડ અભિનેત્રીઓની ઝલકો


પિરામીડની કલા


કેપ્ટન - ઉપ કેપ્ટન દ્વારા મનોગત


શ્રી નરેશભાઇ મોમાયા દ્વારા આભારવિધિ


વિદ્યાર્થીગૃહના વિદ્યાર્થીઓ


કન્યા છાત્રાલયની વિદ્યાર્થીનીઓ

**SHRI VIRJI LADHABHAI KDO JAIN VIDYARTHIGRUH - GHATKOPAR**

# શ્રી વીરજી લધાભાઇ ક.દ.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ - ઘાટકોપર
# શ્રી ભવાનજી અરજણ ખીમજી એજ્યુકેશનલ કેમ્પસ

**SHRI BHAWANJI ARJAN KHIMJI EDUCATIONAL CAMPUS**

follow us on : / VLVG-BAK

1st Annual Day Celebration

## Navrang

***COLOURS OF VLVG-BAK***

Dtd. Sunday, 7th January, 2018

**Venue : VLVG - BAK**
Cama Lane, Ghatkopar (West),
Mumbai - 400 086.

આપણી જ્ઞાતિની ૧૧૪ વર્ષ વટાવી ચૂકેલ એકમાત્ર સંસ્થા શ્રી વીરજી લધાભાઇ ક.દ.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ જે હવે **VLVG - BAK KDO JAIN HOSTEL**ના નામે ફેમસ થતી જાય છે. જે ગયા વર્ષે અદ્યતન સગવડોથી ભરપૂર નૂતન - સ્વરૂપનું ધૂમધામ થી લોકાપર્ણ કર્યા બાદ - રવિવાર, તા. ૭ જાન્યુઆરી ૨૦૧૮ના રોજ ૧૧૫માં વર્ષમાં પ્રવેશ કરી ચુકી છે. આવી માતબર વટવૃક્ષ જેવી બની ચુકેલી સંસ્થાનો પ્રથમ વાર્ષિકોત્સવ તો જોર શોરથી જ ઉજવવાનો હોય. કદાચ એટલે જ રવિવાર, ૭ મી જાન્યુઆરીની સમી સાંજના **શ્રી વીરજી લધાભાઇ ક.દ.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ**ના વિદ્યાર્થીઓ અને **શ્રીમતી લક્ષ્મીબાઈ વીરજી લધાભાઇ કન્યા છાત્રાલય**ની વિદ્યાર્થીનીઓ -દ્વારા રજુ કરાયેલ કલા રંગારંગ કાર્યક્રમથી **શ્રી ભવાનજી અરજણ ખીમજી જૈન એજ્યુકેશનલ કેમ્પસ ‘નવરંગ’** થી રંગાઈ ગયો હતો.

સાંજના ૪ વાગ્યાથી સંસ્થાના અગ્રગણી વડીલ દાતાઓ - ટ્રસ્ટી **શ્રી હંસ બી. ખીમજી, શ્રી ઠાકરશીભાઈ ગોસર, શ્રી કમલેશભાઈ વીકમસી, શ્રી હેમાંગભાઈ ધરમશી, શ્રી હીરાચંદભાઈ દંડ, શ્રીમતી હેમાબેન છેડા, શ્રી કેતનભાઈ વીકમસી,** સંસ્થાના વ્યવસ્થાપક સમિતિના અધિકારીઓ, પ્રમુખશ્રી તથા ટ્રસ્ટી **શ્રી મધુકાંતભાઈ ખોના**, ઉપપ્રમુખ તથા ટ્રસ્ટી **શ્રીમતી દમયંતીબેન ચાંપશી શાહ (લોખંડવાલા)** માનદ્‌મંત્રી **શ્રી નરેશભાઈ મોમાયા**, સહમાનદ્‌મંત્રી **શ્રીમતી કાશ્મીરાબેન લુઠિયા**, સમિતિ સભ્યો **શ્રીમતી ધનલક્ષ્મીબેન મોમાયા, શ્રી અનુજ લોડાયા, શ્રી હેમરાજભાઈ ગોસર**, સલાહકાર સમિતિના સભ્યોના **શ્રીમતી દિપ્તીબેન ધરમશી, શ્રીમતી હર્ષાબેન ધરમશી, શ્રીમતી જયશ્રીબેન દંડ, શ્રી રાજેશભાઈ છેડા**ની હાજરી શોભામાં અભિવૃધ્ધિ કરતી હતી.

શ્રીમતી લક્ષ્મીબાઈ વીરજી કન્યા છાત્રાલયની વ્યવસ્થાપક સમિતિના અધિકારીઓ પ્રમુખ **શ્રીમતી વિમલાબેન ગોસર**, માનદ્‌મંત્રી **શ્રીમતી લીનાબેન લાપસીયા, શ્રીમતી પ્રીતિબેન જૈન** તેમજ દાતા પરિવારના સભ્યો, **શ્રી અતુલભાઈ ચાંપશી શાહ (લોખંડવાલા)**, કે.ડી.ઓ. સી.એ. એસોસિએશનના પ્રમુખ **શ્રી રાજીવભાઈ લુઠિયા, શ્રી રાજેશભાઈ ધરમશી , શ્રીમતી ગુણવંતીબેન છેડા, શ્રીમતી જેતબાઈ છેડા** પરિવાર, **શ્રીમતી ભારતીબેન નાગડા**, બોલીવુડ મહેંદી ક્વીન **શ્રીમતી વીણાબેન નાગડા, શ્રી વિજયભાઈ લોડાયા, શ્રી બિપીનભાઈ નાગડા , શ્રી કમલેશભાઇ સોની** અને **શ્રી માણેકજીભાઈ ભેદા** વગેરે મહાનુભાવો અનેરા ઉત્સાહથી હાજર રહ્યા હતા.

પ્રણાલિકા મુજબ, ટ્રસ્ટીઓ, અધિકારીઓ અને આમંત્રિતોના હસ્તે દીપ પ્રાગટ્ય અને નવકાર મંત્રનું પઠન થયું. પ્રમુખ **શ્રી મધુકાંતભાઈ ખોના**એ હાજર રહેલા આમંત્રિતો, ટ્રસ્ટીગણ, કાર્યકારી સહકારીઓ, વિદ્યાર્થીઓ-વિદ્યાર્થીનીઓનું સ્વાગત કરી, કાર્યક્રમને શરુ કરવા વિનંતી કરી.

કાર્યક્રમની શરુઆત શ્રીમતી લક્ષ્મીબાઈ વીરજી લધાભાઇ કન્યા છાત્રાલયની વિદ્યાર્થીનીઓ દ્વારા સ્વાગત-વંદનાનું નૃત્ય, ગજીયો ઘુમર ડાન્સ, નાટક અને નૃત્ય નાટિકા રજુ થયી.

શ્રી વીરજી લધાભાઇ વિદ્યાર્થી ગૃહના વિદ્યાર્થીઓ દ્વારા, નૃત્ય નાટિકા, નાટિકા, **PYRAMID** ના કરતબ, થાળી ફેરવવાના વિવિધ દાવપેચ, સંગીત સાથે પેઇન્ટિંગનો સમન્વય, ચર્ચાનો ચબુતરો, કોમેડી સર્કસ, રેડિયમ ડાન્સ, ગીત સંગીત અને મનોરંજન ના નવરંગી કાર્યક્રમો જોતા પ્રેક્ષકો રાતના નવ વાગ્યા તેની ખબર ના પડી.

કાર્યક્રમના અંતિમ ચરણમાં, વિદ્યાર્થીઓ માટે સૌથી મહત્વની અમૂલ્ય પુરસ્કાર જેવી ૨૦૧૭-૧૮ ની **STUDENT OF THE YEAR-TROPHY** **ચિ. ગુલશન અભય ડાઘા** અને કન્યા છાત્રાલયની વિદ્યાર્થીનીઓમાં **કુ. ક્રિના સંજય નાગડા**ના નામની **શ્રીમતી દિપ્તીબેન ધરમશી**એ જાહેરાત કરી અને ટ્રસ્ટ મંડળ, વ્યવસ્થાપક સમિતિના અધિકારીઓ, ગૃહપતિઓ તેમજ ગૃહમાતાની હાજરીમાં વિજયી ટ્રોફી બંનેને એનાયત કરવામાં આવી ત્યારે નવરંગી પ્રકાશ અને સંગીતના સમન્વયથી આખું રંગમંચ તારલાઓથી ઝળહળતું થયી ગયું. વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓ સહુ કોઈ આનંદથી ઝૂમવા લાગ્યા.

ટ્રસ્ટી **શ્રી હંસ બી. ખીમજી** પોતાના પ્રાસંગિક સંબોધનમાં સર્વે વિદ્યાર્થીઓને અંદરની ખૂબીઓ, હુન્નર, શોખને વિકસાવવા માટે ટૂંક સમયમાં જ નવી યોજનાનું આયોજન કરવામાં આવશે એવી જાહેરાત કરી.

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ટ્રસ્ટ વતી ટ્રસ્ટી **શ્રી હેમાંગ ભાઈ ધરમશી**એ ભાગ લેનાર કલાકારોને પ્રોત્સાહન મળે માટે પોટ્રેઇટ પેઇન્ટિંગ માટે **ચિ. હૃદય લોડાયા**ને રૂપિયા ૫૦૦૧/- નું પ્રથમ પારિતોષિક, ઉત્તમ ડાન્સ માટે **કુ. ક્રિના સંજય નાગડા**ને દ્વિતીય પારિતોષિક રૂપિયા ૩૦૦૧/- અને ત્રીજું પારિતોષિક રૂપિયા ૨૦૦૧/- પ્રત્યેકને ૧)સુચારુ સંચાલન માટે **ચિ. સુમિત લોડાયા** અને ૨) નાટક ના સફળ દિગ્દર્શન અને અભિનય માટે **કુ. દ્રિષ્ટિ ખોના**ને જાહેર કરવામાં આવ્યું.

કાર્યક્રમનું સમાપન માનદ્‌મંત્રી **શ્રી નરેશભાઈ મોમાયા** દ્વારા સર્વે આમંત્રિતો, મુંબઈ મહાજનના પ્રમુખ **શ્રી કલ્પેશભાઈ મોતા**, સમસ્ત મહાજનના જનરલ સેક્રેટરી **શ્રી ચીમનભાઈ મોતા**, વિદ્યાર્થીસંઘના પ્રમુખ, શ્રી જી.વી.સી. સંઘના પદાધિકારીઓ, પધારેલ સર્વે ટ્રસ્ટીઓ-સમિતિ સભ્યો, પોતાનો કિંમતી સમય ફાળવી હાજર રહેવા બદ્દલ આભાર વ્યકત કર્યો. કાર્યક્રમને સફળ બનાવવામાં વિશેષ સહભાગ આપનારા **શ્રી અનુજભાઈ લોડાયા, શ્રીમતી હર્ષાબેન ધરમશી, શ્રીમતી દિપ્તીબેન ધરમશી, શ્રીમતી જયશ્રીબેન દંડ, શ્રીમતી પ્રીતિબેન જૈન, શ્રીમતી હીનાબેન ધરમશી** અને **શ્રીમતી બિતલબેન લોડાયા**ના અમૂલ્ય માર્ગદર્શન માટે આભાર માનવામાં આવ્યો. સફળ કાર્યક્રમને રજુ કરનાર સર્વ વિદ્યાર્થીઓ વિદ્યાર્થીનીઓને સંસ્થા વતી સર્ટિફિકેટ આપવામાં આવશે એવી જાહેરાત કરી.

વિદ્યાર્થીગૃહના કેપ્ટન **ચિ. ઊર્મિલ રતાણી** અને વાઈસ કેપ્ટન **ચિ. મુકેશ દંડ** દ્વારા સર્વે ભાગ લેનાર, હાજરી આપનાર મહેમાનોનું, કાર્યક્રમમાં માર્ગદર્શન આપનાર મેન્ટર-કો-ઓર્ડીનેટરો, અધિકારી વર્ગ **શ્રી હીતેશભાઇ ભટ્ટ**, બંને ગૃહપતિઓશ્રી **દિલીપભાઇ રાઠોડ, શ્રી સનત્ ખોના**, લ.વી.લ. કન્યા છાત્રાલયના ગૃહમાતા **શ્રીમતી ધનલક્ષ્મીબેન**નો, સહયોગી વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓનો આભાર માની ભવિષ્યમાં સફળ કાર્યક્રમોની રજુઆત કરતા રહીશું એવી શુભેચ્છા પ્રગટ કરી.


## શ્રી વીરજી લધાભાઇ ક.દ.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ - ઘાટકોપર
## શ્રી ભવાનજી અરજણ ખીમજી એજ્યુકેશનલ કેમ્પસ

અગિયાર દાયકાથી જ્ઞાતિના વિદ્યાર્થીઓને મુંબઇ જેવા મેટ્રોપોલીટન સીટીમાં રહી અભ્યાસ કરવાની સગવડતા પૂરી પાડતા વિદ્યાર્થીગૃહને સમય સાથે આજની જરૂરીયાત મુજબ અલ્ટ્રામોર્ડન કરવાનું આપણા આજના વડીલોએ જોયેલ સ્વપ્નુ પૂર્ણ થયેલ છે.

દરેક જ્ઞાતિજનોને હૃદયપૂર્વક વિનંતી કરીએ છીએ કે આ વિદ્યાર્થીગૃહનો મહત્તમ લાભ લે અને વિદ્યાર્થીઓને પ્રગતિને પંથે આગળ વધવા વિદ્યાર્થીગૃહમાં પ્રવેશ મેળવવા પ્રોત્સાહિત કરે.


Multipurpose Hall


Advanced Computer Room


Gym Room


Sports Room


Dining Hall


Spacious Student Room

**SHRI VIRJI LADHABHAI KDO JAIN VIDYARTHIGRUH, SHRI BHAWANJI ARJAN KHIMJI EDUCATIONAL CAMPUS**
Address : Cama Lane, Ghatkopar (W), Mumbai - 400 086. Email : vlvgtrust@hotmail.com Tel.: 022 - 25133174, 25100157

**આદ્યતંત્રીઓ**

''પ્રકાશ''
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા
ઉદયન લાલજી શાહ

**અંક નં. 04/2018**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

સમય : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
022-2508 4463/64/65

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

**તંત્રી સમીપે**

# વડોદરાનો ''યુવામંચ'' સમસ્ત જ્ઞાતિ યુવાઓનું કેન્દ્રગામી ઉર્જાસ્ત્રોત બનશે ?

ગયા માસે વડોદરામાં ત્યાંના ''યુવા મંચ''ના ઉપક્રમે જ્ઞાતિ સ્તરીય ક્રિકેટ સ્પર્ધા યોજાઈ, તે ત્રણ દિવસીય આયોજન જ્ઞાતિની વર્તમાન સામાજીક પ્રવૃત્તિઓ અને ગતિવિધિઓમાં અનેક રીતે ઉલ્લેખનીય બન્યું છે.

આપણી જ્ઞાતિમાં અને ખાસ કરીને મુંબઈના જ્ઞાતિજનોમાં અને તેમાં પણ મુંબઈના અગ્રણીઓમાં છેલ્લા ૭૦ વર્ષથી પણ વધુ સમયથી મુંબઈ બહાર થતા જ્ઞાતિ સ્તરના આયોજનો પ્રત્યે ઉપેક્ષા ભાવ સાથે ક્ષુલ્લક દૃષ્ટિએ નિહાળવાની જે અનુચિત લાક્ષણિકતા છે, તે આ ક્રિકેટ સ્પર્ધા વખતે પણ જોવા મળી તે વાત આશ્ચર્યકારક નથી, પરંતુ આ ત્રણ દિવસોમાં ક્રિકેટ ઉપરાંત પણ જે પ્રવૃત્તિઓ થઈ તેમાં જ્ઞાતિને આગામી વીસેક વર્ષમાં જે આકાંક્ષાઓ સાકાર કરવાની તક પણ ઉદભવી તે પરત્વે પણ કોઈ સ્પંદનો જ્ઞાતિમાં હજી સુધી સળવળ્યા નથી તે થોડી તો થોડી, પણ એક આઘાતજનક પરિસ્થિતિ કહી શકાય. ખાસ કરીને આગામી ડિસેમ્બરમાં જ્ઞાતિ સંમેલન બોલાવવા અંગે સમસ્ત મહાજને ચક્રો ગતિમાન કર્યા છે તેવી જાહેરાત થઈ છે તેના સંદર્ભમાં.

અલબત, સમસ્ત મહાજનના અધિકારીવર્ગમાં આગામી સંમેલન બાબતે હજી સુધી સમુચિત ગતિસંચાર ન થયો હોય તેને એક રીતે સ્વભાવિક ગણીએ તો પણ આ જ્ઞાતિ સ્તરીય ક્રિકેટ સ્પર્ધા માટે આયોજકોને અપેક્ષાધિક પ્રતિસાદ મળ્યો તે જોતાં વડોદરાની આ યુવા મંચ સંસ્થા સમસ્ત જ્ઞાતિ સ્તરીય આયોજન કરવા સક્ષમ છે તેવી પ્રતીતિ આ સમગ્ર આયોજન દ્વારા મળી તે મુદ્દો વધારે અગત્યનો છે.

આ સ્પર્ધામાં ભાગ લેવા આયોજકોએ શરૂઆતમાં મુંબઈના ચારેક પરાંના, બહારગામના ચારેક શહેરોના (વડોદરા સિવાયના) તેમાં પણ કચ્છના ત્રણેક મુખ્ય શહેરોના યુવા કાર્યકરોનો સંપર્ક કર્યો અને તેમણે તેનો ઉત્સાહપૂર્વક પ્રતિસાદ આપ્યો જેને કારણે આ રીતે તૈયાર થયેલી ૧૩ જેટલી ટીમો ઉપરાંતના શહેરોની યુવા ટીમોનો સમાવેશ કરવા આયોજનનું માળખું ઉપયુક્ત બનતું ન હોતાં આ સ્પર્ધા તે દૃષ્ટિએ થોડી સીમિત રાખવી પડી, પરંતુ ભવિષ્યમાં જ્ઞાતિની હજી પણ મોટી સંખ્યાની યુવા ટીમો, ક્રિકેટની સ્પર્ધા માટે કે અન્ય કોઈ મોટા આયોજન માટે પ્રતિસાદ આપતી હોય તો તે સર્વેનો સમાવેશ કરવા આ યુવા મંચના કાર્યકરો અધીરપણે તત્પર બન્યા છે, તે વસ્તુસ્થિતિ પણ સમસ્ત જ્ઞાતિએ નોંધવા જેવી છે.

આ આયોજનના એક ભાગ રૂપે બીટુબી (બીઝનેશ ટુ બીઝનેશ)નું ચર્ચાસત્ર યોજાયું તેમાં સમસ્ત જ્ઞાતિને સ્પર્શતા અનેક અગત્યના મુદ્દાઓ પર, આ ક્રિકેટ ટીમોના દોઢસો જેટલા યુવાઓ સહિત અન્ય જ્ઞાતિજનો સમક્ષ, વિચારમંથન થયું તેનું મહત્વ તો ઘણું વધારે છે તેનો પણ નિર્દેશ થવો ખાસ જરૂરી છે.

આ ચર્ચાસત્રમાં, વર્તમાન તબક્કામાં જ્ઞાતિના વ્યાપાર-ઉદ્યોગ ક્ષેત્રના વ્યવસાયિકો પાસે અલગ અલગ રીતે રહેલા આર્થિક સ્ત્રોતોની સંયુક્તપણે ગણતરી કરાય અને તેમાંનો ભલે ઓછી માત્રામાં પણ આંશિક ઉપયોગ જ્ઞાતિ માટે થોડા સમય પૂરતો પણ કરી શકાય તો જ્ઞાતિના સમગ્રતયા પરીપ્રેક્ષ્યમાં કેટલી અકલ્પનીય સમૃધ્ધ પ્રગતિ થઈ શકે તેની વ્યવહારૂ યોજના દર્શાવતી યુવા ચિંતક નિશીથભાઈ દંડની પ્રેરક

વિભાવના યુવાઓને તથા અન્ય જ્ઞાતિજનોને અસરકારક રીતે સ્પર્શી ગઈ, તે આ આયોજનની આગવી ફળશ્રુતી બની છે તે પરત્વે પણ જ્ઞાતિના બહુસંખ્ય અગ્રણીઓ હજી પણ બીનમાહિતગાર રહ્યા છે તે વાત નવાઈ ઉપજાવે છે.

આ સમગ્ર આયોજનમાં ક્રિકેટ સ્પર્ધા તો એક રીતે ગૌણ પરિમાણ હતું અને સમસ્ત જ્ઞાતિના યુવા-યુવતીઓ વર્ષો સુધી સાતત્યપૂર્વક પરસ્પર સામાજિક અને વ્યવસાયિક રીતે પણ સંકળાયેલા રહે તે આ આયોજનનો મુખ્ય બુનિયાદી ઉદ્દેશ હતો. આયોજકોએ તાકેલું આ નિશાન બરાબરનું લાગી રહ્યું હોય એમ અત્યારે તો દેખાય છે. આ આયોજનમાં એક બીજાના પરિચયમાં આવેલા કેટલાક યુવાઓએ થોડા દિવસો પહેલાં જ મુંબઈમાં ભાંડુપ-મુલુંડમાં ધંધાકીય સાહસમાં સંયુક્ત રીતે પ્રવૃત્ત થવાનું નક્કી કર્યું છે તેનું શ્રેય આ આયોજન લઈ શકે તેમ છે, અલબત્ત એ ફક્ત યોગાનુયોગ છે કે હજી વધુ સંભાવનાનો નિર્દેશ આપે છે તે તો ભવિષ્ય જ કહેશે.

આ તો પ્રારંભનો તબક્કો છે. વડોદરાના યુવા મંચના કાર્યકર્તાઓએ આ ક્રિકેટ સ્પર્ધામાં ભાગ લેનાર દોઢસો જેટલા યુવાઓમાં પરસ્પર નિકટતા જળવાઈ રહે તે જાતની સંપર્ક યંત્રણા ગતિમાન કરી દીધી છે જેને સારો પ્રતિસાદ મળી રહ્યો છે તે સૌ આ દિશામાં હજી પણ વિશેષ ખંતપૂર્વક અવિરત પ્રયત્નશીલ રહેશે અને પોતાના કુટુંબ કે સગા-સંબંધીઓના સંતાનોને આ યંત્રણામાં સામેલ કરશે તો જ્ઞાતિનો વિશાળ યુવા વર્ગ એકબીજાથી નિકટતમ બનતો જશે. હકીકતમાં તો વડોદરાના યુવા મંચે આ પહેલ કરી છે તેના તંતુનું અનુસંધાન પ્રબળ બનાવવા માટે જ્ઞાતિના અન્ય વિસ્તારોના યુવાઓ ને યુવા મંચોએ સ્વમેળે આગળ આવવું પડશે. આમ થશે તો જ જ્ઞાતિનો યુવા ચહેરો મુખરિત થશે.

આશા રાખીએ કે, જ્ઞાતિના સર્વ સ્થાનિક મહાજનો અને મંડળોના અધિકારીઓ બનતી ત્વરાએ પોતપોતાના વિસ્તારોના યુવક-યુવતીઓને આ સંપર્ક સેતુમાં જોડાવવાની સઘન ઝુંબેશ ઉપાડશે જેથી આગામી જ્ઞાતિ સંમેલનનું ઉત્તરદાયિત્વ લેવા અને ભવિષ્યની માગરિખા કંડારવા જ્ઞાતિની યુવાશક્તિ યુવાશક્તિ સાર્થકપણે સમર્પિત થઈ શકે.

**- રા.**

**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર + 5% GST**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
Shri C D O Prakash Samiksha Samiti ના નામથી મોકલવો.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.





# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન અભ્યુદય ટ્રસ્ટ (સંચાલિત)

## માતુશ્રી મોંઘીમા નાગશી જીવરાજ દેવાણી કન્યાછાત્રાલય (જામનગર)

## હાર્દિક આમંત્રણ

જય જીનેન્દ્ર,

જય ભારત સહ સહર્ષ નિવેદન કે આપણી ઉપરોક્ત સંસ્થાના ઉપક્રમે આ વર્ષે તા. ૨૫ જાન્યુઆરી તેમજ તા. ૨૬ જાન્યુઆરી ૨૦૧૮ પ્રજાસત્તાક દિનની ઉજવણી તેમજ તક્તી અનાવરણના કાર્યક્રમનું આયોજન કરેલ છે. સંસ્થા દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં સહકુટુંબ સહભાગી થવા અમારું આપને હાર્દિક આમંત્રણ છે.

## કાર્યક્રમ

**ગુરૂવાર, તા. ૨૫/૧/૨૦૧૮**

સાંજે ૭.૩૦ વાગે — સ્વરૂચી ભોજન
સાંજે ૮.૩૦ વાગે — શ્રી મહાકાળી માતાની ભાવના

**શુક્રવાર, તા. ૨૬/૧/૨૦૧૮**

સવારે ૦૭.૩૦ વાગે — સવારનો નાસ્તો
સવારે ૦૯.૦૦ વાગે — ધ્વજ વંદન
સવારે ૦૯.૩૦ વાગે — તક્તી અનાવરણ
સવારે ૧૦.૦૦ વાગે — સ્વાગત, સાંસ્કૃતિક કાર્યક્રમ, દાતાશ્રીઓનું અભિવાદન તેમજ પ્રાસંગિક પ્રવચન.
સવારે ૧૨.૩૦ વાગે — ભોજન સમારંભ
બપોરે ૦૨.૦૦ વાગે — શ્રી સરસ્વતી માતાનું પુજન

**સ્થળ : કામદાર કોલોની, રોડ નં.૩, શેરી નં.૩, એરોડ્રોમ રોડ, જામનગર, ફોન : (૦૨૮૮) ૨૭૧૩૭૭૦**

**મુખ્ય અતિથિ વિશેષ / સહ સમારંભ પ્રમુખ : શેઠ શ્રી તરૂણભાઇ રતનશી લોડાયા** (સાંયરા - પુના)

### -: અતિથિ વિશેષ :-

**શ્રી ધર્મેંદ્ર સિંહ મેરૂજી જાડેજા** (હકુભા) (ધારાસભ્ય - જામનગર શહેર)
**શ્રીમતી પ્રતીભાબેન કનખરા** (મેયર શ્રી જામનગર મહાનગર પાલિકા)
**શ્રી તિલકચંદ્ર જયંતીલાલ ખોના** (મોટીખાવડી - જામનગર)
પ્રમુખ શ્રી ક.દ.ઓ. જૈન પશ્ચિમ એકમ
**શ્રી સુનીલ માણેકજી લોડાયા** (મોટીખાવડી - જામનગર)
પ્રમુખ - શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, જામનગર

### -: મુખ્ય મહેમાન (દાતાશ્રીઓ) :-

**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડોનું ટ્રસ્ટ - પ્રમુખ શ્રી કલ્પેશ માણેકજી મોતા**
**શ્રી કાંતીલાલ ડાહ્યાલાલ ધરમશી** (રંગપુર - બોરીવલી)
**માતુશ્રી સુશિલાબેન કાંતીલાલ ધરમશી** (સેવકભરૂડીયા - દાદર)
**શ્રી શૈલેષ ચીમનલાલ ખોના** (મોટીખાવડી - ઘાટકોપર)
**શ્રી સુરેશ રામજી નાગડા** (રંગપુર - વડાલા)
**શ્રી જીવરાજ ગોવિંદજી લોડાયા** (મોટીખાવડી -થાણા)

**વિશેષ આમંત્રીત મહેમાન :-** **શ્રી પ્રબોધ મુનવર** (પ્રમુખ શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, ભુજ)
**શ્રીમતી દક્ષાબેન લાજેશ મોતા** (શ્રી ક.દ.ઓ. જ્ઞાતિ મહાજન મુંબઇ સમિતીના સભ્ય)

આ કાર્યક્રમ માટે નીચે મુજબના દાતાઓ પાસેથી આર્થિક યોગદાન પ્રાપ્ત થયેલ છે.

રૂા. ૧૧,૦૦૦/- માતુશ્રી નવલબેન મણિલાલ દંડ પરિવાર (સેવક ભરૂડીયા)
રૂા. ૧૧,૦૦૦/- માતુશ્રી લલિતાબેન કેશવજી ધરમશી પરિવાર (રંગપુર)
રૂા. ૧૧,૦૦૦/- માતુશ્રી બાચાંબાઇ ગોવિંદજી લોડાયા પરિવાર (મોટી ખાવડી)
રૂા. ૧૧,૦૦૦/- શ્રી બિપિન પાશ્વિર નાગડા (રંગપુર)
રૂા. ૧૧,૦૦૦/- માતુશ્રી સરોજબેન માણેકજી લોડાયા પરિવાર (મોટી ખાવડી)
રૂા. ૧૧,૦૦૦/- માતુશ્રી પુષ્પાબેન ભવાનજી ખોના પરિવાર (મોટી ખાવડી)
રૂા. ૧૧,૦૦૦/- માતુશ્રી વિજયાબેન ડુંગરશી લાપશિયા પરિવાર (દલતુંગી)
રૂા. ૧૧,૦૦૦/- માતુશ્રી જયાબેન મોતીલાલ લોડાયા પરિવાર (મોટી ખાવડી)
રૂા. ૧૧,૦૦૦/- માતુશ્રી નિર્મળાબેન ડુંગરશી માલદે પરિવાર (દલતુંગી)

અમે સહુ ઉદારદિલ હિતચિંતકોના અંતઃકરણપૂર્વક આભારી છીએ.

આપ સહુની હાજરી થકી આનંદ, ઉત્સાહ અને પ્રસન્નાતાનું સુંદર વાતાવરણ પ્રસ્થાપિત થશે. જે આપણી દિકરીઓને પ્રોત્સાહિત કરશે. સમયસર પ્રસંગે પધારવા અમારું સ્નેહભીનું આમંત્રણ સ્વીકારશોજી.

**લી. શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન અભ્યુદય ટ્રસ્ટવતી**
**ટ્રસ્ટીઓ તથા કારોબારીના સભ્ય**

અશોક મણિલાલ દંડ - પ્રમુખ તથા ટ્રસ્ટી
સુનિલ માણેકજી લોડાયા - ઉપપ્રમુખ તથા ટ્રસ્ટી
પ્રવિણ જેઠાલાલ લાપસિયા - ટ્રસ્ટી
નવિનચંદ્ર રતનશી શાહ - ટ્રસ્ટી
જીવરાજ ગોવિંદજી લોડાયા - ટ્રસ્ટી
બિપીન પાશ્વિર નાગડા - ટ્રસ્ટી
મનોજ ભવાનજી ખોના - માનદ્ મંત્રી તથા ટ્રસ્ટી
પંકજ કેશવજી ધરમશી - ખજાનચી તથા ટ્રસ્ટી
કુસુમબેન સુર્યકાંત દેવાણી - ટ્રસ્ટી
સોમચંદ પુનશી ધુલ્લા - ટ્રસ્ટી
વિજય મોતીલાલ લોડાયા - ટ્રસ્ટી
દિલીપ ડુંગરશી લાપસિયા - ટ્રસ્ટી

|| શ્રી શાંતિનાથાય નમઃ ||

# ૧૬૪ વર્ષ પ્રાચીન શ્રી શાંતિનાથજી નવ ટુંક જિનાલય

**શ્રી સાંધાણ ગામવાસી સર્વે ભાઇ-બહેનો તેમજ નિયાણી બહેનોના પરિવાર જનો,**

કચ્છ અબડાસાની મોટી પંચતિર્થીનું બેનમૂન જાજરમાન શ્રી સાંધાણ તીર્થનો જિર્ણોદ્ધાર કરવાનું શ્રી સંઘના ટ્રસ્ટ બોર્ડ નિર્ણય કર્યો છે અને માતબર સંઘો, સંસ્થાઓ તથા સમાજ પાસે આ જિર્ણોદ્ધાર માટેના લગભગ અંદાજીત ખર્ચ રૂા. ત્રણ કરોડ સત્તર લાખ માટે ટહેલ મુકવામાં આવી છે.

આ જિર્ણોદ્ધારમાં દેરાસરજીની નવ ટુંકોમાંથી ચાર ટુંકો તથા તીર્થનો મૂખ્ય દરવાજો સંપૂર્ણ આરસ પહાણમાંથી નવીન બનાવવાનો આયોજન કરેલ છે. બાકીની ટુંકોનું જરૂરી જિર્ણોધ્ધાર તથા અંદરના અપાસરાનું રીપેરીંગ કરવામાં આવશે. સોમપુરાએ નવા ટેમ્પરરી પ્લેટફોર્મ–પબાસણો બનાવેલ છે તથા દેરીઓ ઉતારવા માટે તેમને ફરતે પરાત–માચડા ઉભા કરેલ છે.

હવે મૂર્તિઓનું ઉત્થાપન તથા ચલ પ્રતિષ્ઠા માટે પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. પાસેથી ફાગણ સુદ ૨, શનિવાર, તા. ૧૭–૨–૨૦૧૮નું શુભ મુહૂર્ત મળેલ છે અને તે અંગેના ઉછામણી–ચડાવા લેવા માટે સ્નેહમીલનનું આયોજન કરવામાં આવ્યું છે.

**શુભ દિવસ :** સંવત ૨૦૭૪, મહા સુદ ૧૧/૧૨, રવિવાર, તા. ૨૮–૧–૨૦૧૮, સમય : સવારના ૯.૦૦ કલાકે.

**સાધર્મિક ભક્તિ :** સવારના ચા-પાણી, બપોરના જમણ

**વિશેષ આકર્ષણ :** નવકાર મંત્ર આરાધક, લોક લાડીલા શ્રી નરેન્દ્રભાઇ નંદુ પોતાની મંડળી સાથે પધારશે.

**શુભ સ્થળ :** "ભાગીરથી બેન્કવેટ" ગોપુરમ્ હોલની બાજુમાં, જ્ઞાન સરિતા સ્કુલની પાસે,
ડૉ. રાજેન્દ્ર પ્રસાદ રોડ, મુલુંડ (પ.), મુંબઈ – ૪૦૦ ૦૮૦.

ઉપરોક્ત ઉત્થાપન–ચલ પ્રતિષ્ઠા સમયે વિઘ્નમય કાર્ય માટે અઠ્ઠમ તપ તથા આયંબિલ તપ કરવા જરૂરી છે. જે લોકો અઠ્ઠમ તપ અથવા આયંબિલ તપ કરવા ઇચ્છતા હોય તે તેમના નામો તથા કાર્યક્રમ માટે માદરે વતન સાંધાણ આવવા ઇચ્છતા સભ્યોએ પણ તેમના નામો કાર્યકરોને જણાવી દે જેથી ટ્રેનની ટીકીટોની વ્યવસ્થા થઇ શકે. અત્રે થી તા. ૧૩–૨–૨૦૧૮ના રવાના થઇ સાંધાણ જવાનું છે અને ત્યાંથી કાર્યક્રમ પતાવી તા. ૧૮–૨–૨૦૧૮ના રવાના થઇ પરત મુંબઇ આવવાનું છે.

**મુંબઈ થી સંઘ રૂપે જવા આવવાના સંપૂર્ણ લાભના દાતા**

**માતુશ્રી લક્ષ્મીબેન લાલજી ધરમશી બારસીવાલા પરિવાર છે.**

આવા અવનવા માંગલીક અવસરે આપ સર્વે જરૂરથી પધારી પ્રસંગોપાત જે ઉછામણી–ચડાવા લેવાના છે, તેમાં ભાવપૂર્વક ભાગ લઇ પ્રસંગને સફળ બનાવવા વિનંતિ. મર્યાદિત સમય માટે હોલ મળેલ હોવાથી સર્વેને સમયસર પધારવા વિનંતી. જેથી ઉપરોક્ત કાર્ય સમયસર પૂર્ણ કરી શકાય.

સંપર્ક : રાજેન્દ્ર ચુરલા (૯૯૬૭૯ ૭૫૭૭૮) / દિનેશ ધરમશી (૯૩૨૩૧ ૫૦૩૦૩)

લી.

**શ્રી કચ્છ સાંધાણ દશા ઓશવાલ જૈન મહાજન**
પદાધિકારીઓ

**શ્રી કચ્છ સાંધાણ શાંતિનાથજી જૈન દેરાસરજી**
ટ્રસ્ટીઓ

**ના જય જિનેન્દ્ર**

## આરોગ્ય પ્રકાશ : આરોગ્ય માટે ઉપયોગી માહિતી - ૨

- ડૉ. વીરચંદ લખમશી નાગડા, M.B.B.S. (Bom), મુલુંડ, M : 09757303562 / 07069621931

**૬) દહીં :** બલ્ગેરીઅનો આહારમાં બન્ને વખત દહીં લે છે. સૌથી વધુ શતાયુ લોકો બલ્ગેરીયા અને જાપાનમાં છે. મલાઈ વગરનું દહીં રોજ ખાવાથી ડાયાબીટીઝ થવાની શક્યતા ઘટે છે, હાઈ બી.પી. થતું નથી અને હોય તો કંટ્રોલમાં રહે છે. દહીંમાં હેલ્ધી બેક્ટેરીયા હોય છે તેથી તેનો નિયમિત આહાર કર્યાથી આ હેલ્ધી બેક્ટેરીયા આંતરડામાં રહે અને એ આરોગ્ય માટે ફાયદાકારી છે. કેનેડા અને સ્વીટઝરલેન્ડની વૈજ્ઞાનીક ટીમોએ જેનેરીક એન્જીનીયરીંગ ટેકનીકની મદદથી ઉંદર પર પ્રયોગ કરી શોધ્યું કે આંતરડાના હેલ્ધી બેક્ટેરીયા બાયોકેમિકલ હોર્મોન્સ ઉત્પન્ન કરે છે જે ડાયાબાટીઝ થતું અટકાવે છે. આમ દહીં અને સફરજન (સફરજન પણ આંતરડામાં હેલ્ધી બેક્ટેરીયા વધારે છે) નિયમિત ખાવ અને તેનો લાભ લઈ નિરોગી રહો.

**૭) હાસ્ય અને સ્વસ્થ શરીર :** આરોગ્ય માટે હાસ્ય ખૂબજ મહત્વનું છે. કોઈ જોક્સ્ કહે ત્યારે અચાનક હસવું છૂટી જાય છે કે હસવા જેવો પ્રસંગ બને ત્યારે પણ હસવું આવી જાય છે. તેવા સમયે માત્ર ચહેરાના જ સ્નાયુઓને જ નહીં પરંતુ હૃદયના સ્નાયુઓને પણ કસરત મળે છે, શરીરમાં સ્ટ્રેસનું પ્રમાણ ઘટે છે. અમેરિકાના મેરીલેન્ડ સ્કુલ ઓફ રીર્સચરોનું કહેવુ છે કે હાસ્ય એ ચેપી હોય છે. હાસ્ય એ શરદી કફ અને છીંક કરતાં ય વધુ ઝડપે બીજાને હસવાનો ચેપ લગાડે છે. ખડખડાટ હસવાથી રોગપ્રતિકારક શક્તિ સુધરે છે અને શરીરમાં એનર્જીનો સંચાર થાય છે. નિયમિત હસતાં રહેવાથી એકાગ્રતા પણ સુધરે છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે હસવાથી રક્તવાહિનીઓમાં લોહીનું ભ્રમણ સુધરે છે. રીસર્ચરોએ થોડાક વોલિન્ટર્સને રમુજી વિડીયો બતાવી અને થોડાક વોલિન્ટર્સને હૃદયદ્રાવક ઘટનાની વિડીયો બતાવી. આ દશ્યો જોતી વખતે બન્ને ગ્રુપના લોકોની રક્તવાહિનીઓની ક્રિયાનું ઝીણવટભરી રીતે નિરીક્ષણ કરવામાં આવ્યું. તેમાં નોંધાયું કે હસી હસીને લોટપોટ થતા લોકોમાં રક્તવાહિનીઓ આરામદાયક સ્થિતિમાં રહી પ્હોળી થતી હતી જ્યારે હૃદયદ્રાવક દશ્યો જોનારની રક્તવાહિનીઓ સંકોચાતી હતી. હસતી વખતે વોલિન્ટર્સ વધુ ઉંડા શ્વાસ લેતાં હતા. અને તેમનું બી.પી. નીચું આવતું હતું. આમ હાસ્ય, સ્વસ્થ શરીર અને લાંબુ જીવન જીવવા માટે મદદરૂપ થાય છે. હાસ્યને બદલે ગુસ્સો, નિરાશા, ટેન્શન જેવા નેગેટીવ પરિબળોની આરોગ્ય પર વિપરીત અસર થાય છે. માટે ગુસ્સો, તાણ, ચિંતા, ઈર્ષ્યા જેવા નેગેટીવ પરિબળોને જીવનમાં અપનાવવા કરતાં ખડખડાટ હાસ્યને જીવનમાં નિયમિત સ્થાન આપો અને ખુશનુમા, આરોગ્યમય જીવન જીવો.

**૮) જામફળ :** જામફળમાં પુષ્કળ વિટામીન 'C' હોય છે. ૧૦૦ ગ્રામ તાજા જામફળમાં ૨૨૮ મિ.ગ્રા. વિટામીન 'C' હોય છે જે રોજની જરૂરિયાતથી અઢીગણું વધારે હોય છે. દરરોજ જામફળ ખાવાથી પ્રતિકાર શક્તિ વધે છે અને પ્રતિકારક શક્તિ વધવાથી શરદી, ઉધરસ, ફ્લ્યુ જેવા સામાન્ય ચેપી રોગોથી રક્ષણ મળે છે. તાજા જામફળમાં પુષ્કળ પોટેશ્યમ હોય છે, જે શરીરના કોષો અને પ્રવાહીનું મહત્વનું ઘટક છે જે હૃદયના ધબકારા અને બી.પી.ને નિયંત્રણમાં રાખે છે. તે ઈલેક્ટ્રોલાઈટનું સંતુલન જાળવવામાં ઉપયોગી છે. જામફળ લોહીમાં કોલેસ્ટ્રોલનું પ્રમાણ ઘટાડી લોહીને ઘટ્ટ થતા અટકાવે છે, લોહીની પ્રવાહીતા જળવાય છે. જામફળમાં, ખાસ કરી કાચા જામફળમાં સફરજન, સંતરા, દ્રાક્ષ જેવા ફળો કરતાં સાકરનું પ્રમાણ ઘણું ઓછું હોય છે, જે ડાયાબીટીઝના દરદી માટે ફાયદાકારક છે. વળી ભૂખ પણ તરત સંતાષાઈ જાય છે એટલે જામફળ ડાયાબીટીઝ અને વજન ઘટાડવા ઈચ્છતા લોકો માટે ઉપયોગી છે. જેઓ આહારમાં વિટામીન અને રેષાતત્વનું પ્રમાણ ઘટાડ્યા વિના વજન ઘટાડવા ઈચ્છતા હોય તેમના માટે જામફળ ખૂબ ઉપયોગી છે. એમાં વિટામીન અને ક્ષારતત્વ સારા પ્રમાણમાં હોય છે. તેમાં સહેલાઈથી ઓગળી શકે તેવા રેષાતત્વો ખૂબ પ્રમાણમાં છે તેથી કુદરતી રેચક છે. કબજીયાતમાં રાહત આવે છે. આમાં વિટામીન B3 અને B6 હોય છે. વિટામીન B3 લોહીનું ભ્રમણ વધારે છે અને માનસિક સ્ફુર્તિ આપે છે. વિટામિન B6 મગજ અને જ્ઞાનતંતુઓ માટે ઉત્તમ છે તેથી જામફળ નિયમિત ખાવાથી મગજના કાર્યો ઉદ્દીપ્ત થાય છે. અને એકાગ્રતા વધે છે. જામફળમાં વિટામીન A હોવાથી, આંખો નિરોગી રહે, ખીલ જેવી ત્વચાની સમસ્યા ઘટાડી ત્વચાને તેજસ્વી બનાવે છે. ત્વચામાં કરચલી પડતાં અટકાવી સુંદરતા બક્ષે છે. **(ક્રમશઃ)**

ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) ● કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551
યુ. કે. ખીમજી એન્ડ કું. હળદર - જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / રવિવારે બંધ Sunday Closed
Originally at Zaveri Bazar since 1976

# શ્રદ્ધા સુમન



## માતુશ્રી રાજબાઈ મેઘજી હિરજી મોતા (૯૬)

**કચ્છ–લાલા, હાલ–ભિલાઈ**

**દેહ વિલય દિનાંક : ૨૭.૧૨.૨૦૧૭**

વિધિના લેખ કેવા ક્રૂર થઈ ગયા, હૃદયતણા ઝળઝળીયાં, આંખો ના પૂર થઈ ગયા.
તમારા હૈયે હેત ના ધોધ, સમર્પણ ની સુવાસ આપી ગયા.
આપ્યો તમે સત્કર્મ નો બોધ, જીવન સુંદર જીવી ગયા.
વિરલ વ્યક્તિત્વ હતો આપનો, આપની ખોટ કયારેય પુરાવાની નથી,
તમારો લાગણી સભર સ્વભાવ પળે પળે યાદ આવશેં.
આપ સદૈવ અમારા હૃદય મા વિરાજમાન રહેશો. પરમ કૃપાળુ પરમાત્મા
આપની આત્મા ને ચીરશાંતિ આપે એજ પ્રાર્થના..... અશ્રુપુરિત શ્રદ્ધાંજલી સાથે.....

**: આપના શોકાકુલ :**

| | | |
|---|---|---|
| પુત્ર – પુત્રવધુઓ | : | ગ.સ્વ. દમયંતિ નારાયણજી મોતા, સૌ. કાશ્મીરા કિશોર મોતા. સૌ. મીના પ્રફુલ્લ મોતા, સૌ. હેમલતા ચંદ્રકાંત મોતા. |
| પુત્રી – જમાઈ | : | ગ.સ્વ. અરૂણા પ્રતાપ નાગડા |
| પૌત્ર – પૌત્રવધુ | : | સૌ. અર્ચના રાજેશ મોતા, સૌ. પ્રગ્ના વિપુલ મોતા. |
| પૌત્ર | : | મિલન પ્રફુલ્લ મોતા, જીગ્નેશ ચંદ્રકાંત મોતા. |
| પૌત્રી – જમાઈ | : | સૌ. ભાવના નરેન શિયાલ, સૌ. મમતા હિતેશ મોમાયા, સૌ. નેહલ પ્રિતેશ કામાણી, સૌ. મૌસમી પ્રતિક કામદાર, સૌ. ડિંપલ પ્રશાંત લોડાયા. |
| દોહિત્ર – દોહિત્રવધુ | : | સૌ. ફાલ્ગુની ખિરેન નાગડા, સૌ. ખુશી ભાવેશ નાગડા |
| પ્રપૌત્ર – પ્રપૌત્રી | : | શ્રુતિ, ક્રિસ |
| પ્રદોહિત્ર – પ્રદોહિત્રી | : | વિતેશ, નિધી, વંશ, હિયા, દર્શ, વીર, તીર્થ, હિસા |

**: ઋણ સ્વીકાર :**


આવા કપરા પ્રસંગે અમારા પરિવાર ને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સાંત્વના અને દિલાસો આપી અમારા દુઃખ મા સહભાગી બનયા એ સર્વેનું મેઘજી હિરજી મોતા પરિવાર અંતઃ કરણ થી ઋણ સ્વીકારે છે.

**: શોકાતુર પરિવાર :**

મેઘજી હિરજી મોતા પરિવાર (લાલા), માતુશ્રી કુંવરબાઈ રતનશી ભારમલ મૈશેરી પરિવાર (જખૌ)

## કચ્છી કસબ - ૧૧૪

રચયિતા : જયકાંત મોતા - ઘાટકોપર (તેરા)
૯૮૧૯૬ ૨૮૩૮૨





**ઊભી ચાવીઓ -**

[૧] પાડીનાખવું (to push down) (૪) ; [૨] ગપ્પા-ગોષ્ટી (chit-chatting) (૩) ; [૩] પથારી (bedding) (૩) ; [૪] નથી (do not have) (૨) ; [૬] કાદવ (mud) (૨) ; [૮] ટાળવું (to avoid) (૪) ; [૯A] નામ (name) (૨) ; [૧૦] અવઢવ (hesitation) (૪) ; [૧૪] સાંભળવું (to listen) (૨) ; [૧૬] ઝગડો (quarrel) (૪) ; [૧૮] ભેળવવું (to mix) (૨) ; [૧૯] લવારો (bla-bla) (૪); [૨૦] છલોછલ (upto upper limit) (૨); [૨૧] નવું (new) (૨)

**આડી ચાવીઓ -**

[૧] બળજબરી પૂર્વક (compulsarily) (૩) ; [૩] ખોઇ નાખવું (lost) (૨) ; [૫] બે પગ (two legs) (૨) ; [૭] છાશ (butter milk) (૨) ; [૯] બગાડ (wastage) (૬) ; [૧૧] ગાયનું નરબચ્ચુ (he calf) (૨) ; [૧૨] પકડો (to hold) (૨) ; [૧૩] ભાગ્યો (to run away) (૨); [૧૫] છટકવું (back out) (૨) ; [૧૭] સાબુ (soap) (૩) ; [૧૯] લેવું (to take) (૨) ; [૨૨] મુઠી (fist) (૨) ; [૨૪] ભમરડો (top) (૩); [૨૫] કાળો રંગ (black colour) (૨) ; [૨૬] ત્રેવડ (affordness) (૨) ; [૨૭] સાંકળું (narrow) (૨) ; [૨૮] નાકના ગુંગા (nosal dirt) (૨) ; [૨૯] આપણા (ours) (૩) ; [૩૦] મહેમાન (guest) (૩) ; [૩૧] ઘેટું (sheep) (૨) ; [૩૨] આડે રસ્તે (out line) (૩) ; [૩૩] લીધું (taken) (૨)

(ઉકેલ અન્યત્ર)

**ઊભી ચાવીઓ -**

[૨૩] અજંપો (unrest) (૫) ; [૨૫] તડકો (sun-heat) (૨) ;[૨૭] વીણવું (to select) (૩) ; [૨૮] પરણ્યો (get married) (૩) ; [૨૯] પોતે (self) (૨) ; [૩૦]પોતાની જાતે (by self) (૨)

### ઉત્સાહ આપતા શબ્દો: ઉત્સાહ વધારતો એક જ શબ્દ અનેક હોર્સપાવરનું કામ કરે છે.

ઈતિહાસમાં સફળતાને વરેલા માનવીઓની ઝળહળતી સફળતા પાછળ જેટલું તેમના પુરુષાર્થનું બળ છે, તેટલું તેમને આપવામાં આવેલા પ્રોત્સાહનનું પણ બળ છે.

આ પ્રોત્સાહન જો તેઓ જેમને ચાહતા હોય તે લોકો તરફથી મળે તો તેની અસર અનેકગણી વધી જાય છે. આવું જ બળ એક વિશ્વાસભરી પત્ની સોફિયાના શબ્દોએ તેના પતિ નેથાનિયલ હાવવોર્નમાં પૂર્યું હતું. એ માણસનું નામ દુનિયાના ઈતિહાસમાં સુવર્ણાક્ષરે લખાઈ ગયું.

પણ આ સફળતાને વર્યા પહેલાં, સંઘર્ષના કપરા કાળમાં એક દિવસ તે તૂટેલા હૃદયનો ભંગાર હાથમાં લઈ પત્ની પાસે આવ્યો. તે દિવસે તેને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યો હતો. તેણે પત્નીને પાસે બેસાડીને કહ્યું કે હવે હું એક નકામો માણસ છું. મારી કસ્ટમની નોકરી ચાલી ગઈ છે. તેના આશ્ચર્ય વચ્ચે પત્નીએ તો આ સાંભળીને આનંદ વ્યક્ત કર્યો. 'સારું થયું ને. તું હવે તારું પુસ્તક લખી શકશે.'

'એ તો ખરું પણ પુસ્તક લખાતાં તો વાર લાગે. ત્યાં સુધી શું ખાઈશું ?'

પત્નીએ એક ખાનું ખોલ્યું અને નોટોની થપ્પી બહાર કાઢી.

'આટલાં બધાં નાણાં ક્યાંથી લાવી તું ?'

'મને ખબર હતી, તારામાં પ્રતિભા છુપાયેલી છે. મેં એ પણ કલ્પના કરી હતી કે ક્યારેક તો તને તારા સર્જન માટે વખત જોઈશે જ. એટલે દર અઠવાડિયે તું મને ઘરખર્ચના પૈસા આપે તેમાંથી હું બચે તેટલું બચાવતી. આ જો આટલી રકમમાંથી આપણે એક વર્ષ આરામથી જીવીશું. તું લખવા લાગ. આવતીકાલ તો તારી જ છે.'

પત્નીના વિશ્વાસભર્યા શબ્દો સાંભળી તેનું હૈયું છલકાયું અને એ રીતે અમેરિકન સાહિત્યની શ્રેષ્ઠ નવલકથાઓમાંની એકનો જન્મ થયો : 'ધ સ્કાર્લેટ લેટર.'

**- નિડો ક્યુબિન**

**(અનુવાદક : સોનલ પરીખ)**

## ઓછું થઈ રહ્યું છે સ્ત્રીઓનું સ્ત્રીત્વ?

**પુરુષો જ કરી શકે એ કામ બિન્ધાસ્તપણે મહિલાઓ કરે, દરેક ક્ષેત્રે પુરુષોને બરાબરની ટક્કર આપે, લગ્ન ન કરે, લગ્ન કરે તો કેટલીક વાર બાળકો ન ઈચ્છે, ઑફિસમાં મોડે સુધી કામ કરે, રાતે મોડે સુધી બહાર ફરે, પબમાં દારૂ ઢીંચે, સિગારેટ પીએ, ઘરના લોકોની દરેક વાતની કાળજી ન રાખે, નમણી નાર થઈને ન ફરે તો શું એમ કહી શકાય કે સ્ત્રીઓનું સ્ત્રીત્વ ઓછું થઈ ગયું છે? સમાજના વિચારકો આ વિશે શું કહે છે? આવો જોઈએ.**

### સ્ત્રીઓએ પુરુષોના વાદ ન લેવા જોઈએ

**સ્વામી સચ્ચિદાનંદ (દંતાલી)**

વાત સાચી છે કે સ્ત્રીત્વ ઓછું થઈ રહ્યું છે. પરંતુ આપણી સંસ્કૃતિનો બેઝ સ્ત્રી છે અને સ્ત્રીનો બેઝ છે લજ્જા-શરમ. પરમેશ્વરે સ્ત્રીને લજ્જા આપી, જેને એની વિભૂતિ-ઐશ્વર્ય બનાવી છે. જ્યારે સમાજનું પતન થવાનું હોય ત્યારે સ્ત્રી નિર્લજ્જ બનતી હોય છે. આ પહેલું પગથિયું છે. પુરુષ પ્રેરિત છે, સ્ત્રી પ્રેરણા આપે એમ તે જીવે. પુરુષનું સ્વતંત્ર જીવન નથી. સમાજની જે કોઈ ઉચ્ચતા છે એ સ્ત્રીઓમાંથી આવે છે. આજની છોકરીઓ આ વાત માનવા તૈયાર નથી. તેઓ માને છે કે જેટલું પુરુષો કરે છે એટલું કરવાનો તેમને અધિકાર છે. તેમને પુરુષો કરે છે એટલું કરવું છે. તે ૧૨ વાગ્યા સુધી રખડે તો અમને પણ અધિકાર છે. પરંતુ સ્ત્રી કદી નિર્વિઘ્ન ન હોય. તે જ્યાં હોય ત્યાં શત્રુઓ ઊભા થવાના જ. તમે સારા હો પણ દુનિયામાં બધા સજ્જનો નથી. કેટલીક વાર સજ્જનો પણ રૂપ સામે દુર્જન બની જતા હોય છે.




આ લોકો વચ્ચે જ તમારે જીવવાનું છે. તેથી સ્ત્રીને ઓછામાં ઓછાં ૩ કવચ હોવાં જોઈએ. માતા-પિતા, પતિ અને સમાજ; જેમાં તે સુરક્ષિત રહી શકે. આ કવચો ફેંકે તે સ્ત્રી સુખી નથી થતી. આમ દુઃખી થઈને તે બીજાને પણ દુઃખી કરે છે.

સ્ત્રીએ પુરુષના વાદ ન લેવા જોઈએ, કારણ કે કેટલાકમાં પુરુષો મહાન છે તો કેટલાકમાં સ્ત્રીઓ. બન્નેનાં ક્ષેત્ર જુદાં-જુદાં છે, એમાં ભેળસેળ ન કરવી જોઈએ. જે ઘરમાં સ્ત્રી-પુરુષ સમાન હોય એ ઘર સુખી નથી હોતું. સ્ત્રીઓની સ્વતંત્રતા ખરી, પણ મર્યાદામાં રહીને. સ્ત્રીઓનું પ્રાબલ્ય ગુપ્ત પ્રાબલ્ય છે. હાથ ઊંચા કરી, મોટેથી બોલીને જે નથી કરાવી


# કન્યાછાત્રાલય માટે
# અસીસ્ટન્ટ ગૃહમાતા જોઈએ છે

**રહેવા-જમવાની સગવડતા સાથે**

**સંપૂર્ણ બાયોડેટા તથા બે રેફ્રન્સ સાથે સ્વઅક્ષરે અરજી કરો.**

**શ્રીમતી લક્ષ્મીબાઈ વીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન કન્યાછાત્રાલય,**

**C/o. શ્રી વીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ,**

**શ્રી ભવાનજી અરજણ ખીમજી એજ્યુકેશનલ કેમ્પસ,**

**લક્ષ્મી નિવાસ, કામાલેન, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ – ૪૦૦ ૦૮૬.**

**ફોન : 2510 0157 / 2513 3174**

શકાતું એ શાંતિથી ઘરની ચાર દીવાલો વચ્ચે રહીને તે કરાવી શકે છે. તેની સહનશક્તિમાં ડહાપણ ભળે ત્યારે એ તેને મહાન બનાવે છે.

### બદલાવું એ સ્ત્રી માટે બદલાતા સમયની માંગ છે

**વર્ષા અડાલજા**

સ્ત્રીઓના જે ગુણ કહેવામાં આવે છે એ ગુણ નથી, સમાજે આપેલા ઍટ્રિબ્યુટ છે. સ્ત્રીમાં માતૃત્વ હોવું જોઈએ, દયા-માયા હોય એટલે વધારેમાં વધારે સ્ત્રીઓ નર્સિંગમા જાય, શિક્ષિકા, સ્ટેનો ટાઈપિસ્ટ હોય. સમાજે તેના માટે માળખું ઘડી કાઢ્યું છે. એ માળખામાં ફિટ થાય તે સંપૂર્ણ સ્ત્રી એવો આદર્શ આપણે તૈયાર આપી દીધો છે અને એ પ્રમાણે અત્યાર સુધી સમાજ ચાલતો હતો. પહેલાંના સમયમાં દસકે સમાજ બદલાતો હતો. પછી પાંચ વર્ષે. હવે તો રોજ બદલાય છે. હવે સવારે હોય એ સાંજે નથી હોતું એટલે બદલાતા સમય અને બદલાતા સમાજનાં સમીકરણોમાં સ્ત્રી પણ બદલાય, કારણ કે તેને બદલાતા સમાજમાં ગોઠવાવાનું છે. પહેલાંના સમયમાં સ્ત્રી માટે તેનું ઘર જ સર્વસ્વ હતું. તેને સેફ્ટી પણ મળી રહેતી હતી. તેને કમાવા બહાર જવું નહોતું પડતું. હવે તેના માથે બહુ બધાં કામ આવ્યાં છે. આ સાથે તેણે પણ દુનિયા જોઈ છે. તેના વિચારો બદલાયા છે. સાથે તેનું જીવન પણ બદલાયું છે. માતૃત્વ ઉમદા વસ્તુ છે. જગતમાં ઘણી પ્રસિદ્ધ માતાઓ થઈ ગઈ. માતા પોતાના સંતાન માટે કંઈ પણ કરી છૂટે છે એ આપણે જાણીએ છીએ. જોકે એવો પણ એક વર્ગ સમાજમાં છે જે ડબલ ઈન્કમ, નો મધરહુડમાં માને છે. કોઈને કુદરતી રીતે બાળકો નથી થતાં, પણ બાળક જોઈતું હોય તો લઈ લે છે. બદલાતા સંજોગો સાથે આમ ધીમે-ધીમે સમાજે પણ ઓકે થતાં શીખવું પડશે, કારણ કે જેમ-જેમ વ્યક્તિસ્વાતંત્ર્ય આવે એમ તે પોતાની આઈડેન્ટિટી શોધવા નીકળે અને ત્યારે પ્રગતિમાં કે જીવનમાં આગળ જવામાં જે અવરોધો લાગે એ કૂદતા-કૂદતા તેણે આગળ જવું પડે છે. આ બધું તેને અવરોધ લાગે અને એ દૂર કરવા જો તે ચાહે તો એ તેની ઈન્ડિવિજ્યુઅલ ચૉઈસ છે, એમાં કશું ખોટું નથી. દરેક એક બીજાના મુક્ત વિચારો અપનાવે એ સમય હવે આવી ગયો છે. ધારો કે હું માનતી હોઉં કે માતૃત્વ ગૌરવપ્રદ ઘટના છે, સારી વાત છે; પણ જો મારી દીકરી, ભત્રીજી કે પાડોશીને બાળક ન જોઈતું હોય તો તેની ટીકા કર્યા વગર સ્વીકારવામાં જ ઉદારતા છે. દરેકના વિચારોને સ્વીકારો, તેને તેની રીતે જીવવા દો. હવે સમય એવો છે કે જોઈન્ટ ફેમિલી નથી રહ્યા, તેને એકલાં પણ રહેવું પડે છે. ઘરની સાથે-સાથે તેને બહાર પણ કામ કરવાનું છે. હવે આવી પરિસ્થિતિમાં તેના જીવનમાં ખૂબ દોડાદોડી છે ત્યારે તેને તેની રીતે જીવવા દેવામાં બીજાએ જજમેન્ટલ બનવાની જરૂર નથી.

### સ્ત્રી પુરુષ જેવી થઈ જાય એ કુદરતને માન્ય નથી

**ગુણવંત શાહ**

આજે સ્ત્રીઓનું આકર્ષણ જ ઘટતું જાય છે. કોઈ પણ આઈટમ-ડાન્સ જુઓ. આઈટમ-ગર્લ તેનું શરીર એટલું બધું પ્રગટ કરે, નિર્લજ્જપણે નાચે ત્યારે પુરુષોનું તેના પ્રત્યેનું આકર્ષણ જ ઓછું થઈ જાય છે એવું મારું માનવું છે; કારણ કે સ્ત્રીના આકર્ષણમાં લજ્જા પણ ઉમેરો કરે છે. તેથી જ લજ્જાને તેનું ભૂષણ કહેવાય છે. જે સ્ત્રી કોઈ પણ જાતની શરમ વગર લગભગ નગ્ન અવસ્થામાં પ્રગટ થાય તે આકર્ષણ ગુમાવવાનું કામ કરે છે. સ્ત્રી આકર્ષણ માટે યોગ્ય પોશાક પહેરે એ જરૂરી, પણ એ જો તેની નગ્નતાને પ્રગટ કરનારો હોય તો એ નગ્નતા પણ આકર્ષણ વિનાની હોય છે.

જે સ્ત્રી પોતાનું સ્ત્રીત્વ ગુમાવે છે એવી સ્ત્રી અંદરખાને પુરુષને ગમતી નથી. સ્ત્રી પુરુષ જેવી થઈ જાય કે પુરુષ સ્ત્રી જેવો થઈ જાય એ કુદરતને પણ માન્ય નથી એવું મારું માનવું છે. પુરુષના ખભા અને કોણી વચ્ચે જે ગોટલા છે એ પુરુષની શોભા છે. એક ગોટલા જો સ્ત્રીના હાથ પર હોય તો તે ભાયડાછાપ કહેવાય. તે પોતાનું આકર્ષણ ગુમાવે છે. પ્રકૃતિના સામ્રાજ્યમાં પતિ-પત્ની નથી હોતાં, કેવળ નર અને માદા જ હોય છે. મેલ અને ફીમેલ હોય છે. એટલે માદા પ્રત્યેનું આકર્ષણ નર માટે સહજ છે. પ્રકૃતિની દુનિયામાં કામવિકાર શબ્દ વપરાતો નથી. એ કામવિકાર નથી; સહજ વાસનાનું, પ્રકૃતિનું બળ છે. સાધુઓ આને કામવિકાર શબ્દ વાપરી કામને નીચો પાડે છે; બાકી આપણે ત્યાં કામને દેવ કહ્યો છે, દાનવ નહીં. શંકરને પાર્વતી પ્રત્યે જે આકર્ષણ થાય છે એની કોઈ નિંદા નથી કરતું. એ તો પાર્વતી પરમેશ્વરૌ કહેવાય છે. પુરુષત્વ અને સ્ત્રીત્વ એકાકાર થાય એ માટે જ અર્ધનારીશ્વરની કલ્પના છે. સ્ત્રી એકત્વ એક વાત છે, પણ સ્ત્રી સ્ત્રી અને પુરુષ પુરુષ મટી જાય એ બીજી વાત છે. તે જ્યારે પુરુષ જેવા વાળ કપાવે, બૉયકટ કરાવે ત્યારે તેને ખબર નથી હોતી કે તે શું ગુમાવે છે. બૉલીવુડે ઘણી સારી ફિલ્મો આપી પ્રદાન કર્યું છે; પણ એના સૌથી નકારાત્મક પ્રદાન વિશે કોઈ પૂછે તો મારો જવાબ છે, જે રૂપાળું છે તે અક્કલવાળું જ હોય એના જેવી વાહિયાત વાત બીજી કોઈ નથી.


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

**સ્ત્રીત્વનો અર્થ બદલાયો છે : કાજલ ઓઝા વૈદ્ય**

સ્ત્રીત્વ એ કોઈ વસ્તુ નથી કે એ ઓછું થયું હોય. આમાં એવું છે તમે કોઈ એક માણસને ખૂબબધું કામ આપો ત્યારે એ ખૂબબધાં કામમાં તે તેની પ્રાયોરિટી ઑટોમૅટિક જ ડિસાઈડ કરે. આજે સ્ત્રીએ કમાવાનું છે, ઘર સાચવવાનું છે, બાળકોને ભણાવવાનાં છે, ઍડમિશનની લાઈનમાં ઊભા રહેવાનું છે અને રસોઈ પણ બનાવવાની છે. હવે જ્યારે આટલાંબધાં કામ સાથેની તેની આ પરિસ્થિતિમાં યુ કૅન્ટ એક્સપેક્ટ કે તે પહેલાંની જેમ સવારથી સાંજ સાડી પહેરીને, માથે ઓઢીને ફરે. આ શક્ય જ નથી. સાડી પહેરવી મને પણ ખૂબ ગમે છે, પણ આખો દિવસ મારે કામ કરવું હોય તો મારા માટે એ ડિસ્કમ્ફર્ટ બની જાય. સાડી પહેરીને હંમેશાં ફરવું અત્યારના સમયમાં કમ્ફર્ટેબલ નથી. હું નથી વિચારતી કે સ્ત્રીત્વ જેવા કોઈ શબ્દ સાથે એને કોઈ નિસબત છે. સાડી પહેરેલી, લજ્જાભરેલી, લાંબા વાળવાળી નમણી જે છોકરીઓની આપણે ચર્ચા કરતા હતા એ હવે જુદા લેવલ પર પોતાના સ્ત્રીત્વની વાત કરે છે. સ્ત્રી ફેમિનિટીની વાત કરીએ તો એ છેજ ને! નહીં તો બાળકો ક્યાંથી જન્મે? સેક્સ ક્યાંથી થાય? પણ હા, તમે ફેમિનિટીની વાત કરો ત્યારે દીપિકા પાદુકોણ અને હેમા માલિનીની ફેમિનિટી જુદી છે. એ બદલાતા સમય સાથે બદલાયું છે. ઓછું એમાં કંઈ નથી થયું. એનો મીનિંગ ચેન્જ થયો છે. બહારનો દેખાવ બદલાયો છે. તે પૅન્ટ પહેરે એટલે તે ઈમોશનલ નથી એવું થોડું હોય? તે રડી ન પડે એટલે તે સ્ત્રી નથી એવું નથી. સ્ત્રીત્વનો અર્થ બદલાઈ ગયો છે. રસોઈ કરવી, બાળકો પેદા કરવાં, એ સિવાયનું પણ ઘણું કામ તેની પાસે છે. અત્યારે એવું બને કે તે કામથી આવે ત્યારે થાકી ગઈ હોય અને પતિ સેક્સની માગણી કરે તો તે ના પણ કહી શકે છે. ૨૫ વરસ પહેલાં તેની આવી તાકાત નહોતી એ સમયે એવું પણ હતું કે તેને બહુ મોટાં એવાં કંઈ કામ કરવાનાં નહોતાં કે તેની સામે એવા કોઈ ટાર્ગેટ પણ નહોતા.

સીતાની અપેક્ષા રાખનારાઓએ રામ પણ થવું પડે. સ્ત્રીઓની વાત કરીએ છીએ, પણ આજે પુરુષોમાં પણ કેટલું પુરુષત્વ છે એ એક સવાલ છે. સ્ત્રી તમને એવી અદ્‌ભુત લજામણી જેવી જોઈતી હોય તો તેને એ રીતે રાખવી પણ પડે, જે આજે પુરુષ રાખી શકતો નથી. આજે ઘર સાચવે, ઘરરખ્ખુ હોય એવી અને મને તો કંઈ નથી આવડતું એવું કહેનારી છોકરીને પરણનાર છોકરા નથી મળતા. ક્યા પુરુષને આજે આવી છોકરી ગમે છે? બધાને સ્માર્ટ, દોસ્ત જેવી છોકરી જોઈએ છે. એટલે જ આમ જોઈએ તો બદલાતા સમયની માગ પણ એ જ છે. **– પલ્લવી આચાર્ય,** ('મિડ-ડે' માંથી સાભાર)

**નલીયા ગામનાં ખોના ફલીયામાં બિરાજમાન**
**ખોના કુળગોત્રનાં શ્રી સચ્ચાઈ માતાજીને નમતા**
**સૌ નલીયા, જખૌ, સાંચરા, ગોએરસમા, મંજલ રેલડીયા**
**તથા મોટી ખાવડી ગામનાં પરિવારો જોગ**

**શ્રી સચ્ચાઈ માતાજીનાં ભુવાશ્રીની ગંધી ચૈત્ર સુદ ૧૫ (પુનમ) તા. ૩૧-૦૩-૨૦૧૮ શનીવારના સવારના ચડતે પહોરે શુભ ચોઘડીએ બદલશે. નમતા સૌ ભાવિકોએ આ પ્રસંગે પધારવા આમંત્રણ છે. આપશ્રીનાં આવવાના જાણ અગાઉથી કરવા વિનંતી છે. તો વ્યવસ્થા કરવામાં સુગમતા રહે.**

| | | |
|---|---|---|
| **ફાલ્ગુન લખમશી ખોના** | ભાંડુપ | – **98206 20499** |
| **લીતેશ હીરાચંદ ખોના** | ડોંબિવલી | – **96194 93472** |
| **ચેતન માણેકચંદ ખોના** | ગોરેગાંવ | – **93244 61894** |
| **અમીત જેઠાલાલ ખોના** | ડોંબિવલી | – **93217 05511** |
| **ચીમનલાલ હીરજી ખોના** | માટુંગા | – **98210 69255** |
| **લલીત કુંવરજી ખોના** | ડોંબિવલી | – **99204 03950** |
| **(માતાજીના ભુવા)** | | |

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી ક.દ.ઓ જૈન એકતા મહિલા મંડળ

૬/૧/૨૦૧૮ના વાનગી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. "No Cook & No Bake Recipes" ખાતે મેમ્બર્સ નું "Get Toegther" રાખવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆતમાં પ્રમુખશ્રી મીનાબેન લાલકાએ સૌને આવકાર્યા હતા. તેમજ બધાને વધારે ને વધારે સ્પર્ધામાં ભાગ લેવા પ્રોત્સાહીત કર્યા હતા. દિપ્તીબેન ધરમશીએ (ઉપપ્રમુખશ્રી), જજ અર્ચના જૈન અને પાયલ મહેતા વિશે માહિતી આપી કાર્યક્રમનું સંચાલન હતું. ખજાનચી લિપીકા મૈશેરીએ આખા વર્ષના કરેલા પ્રોગ્રામ વિશે માહિતી આપી હતી. વાનગી સ્પર્ધાના વિજેતા : ૧) જ્યોતીબેન નાગડા, ૨) હેમાલી મોમાયા, ૩) જ્યોતીબેન નાગડા. જજીસ ચોઈસી - સ્પે. પ્રાઈઝ ધૈર્ય લોડાયા અને શીતલ મોતા અને દિપાલી સાંયા.

ત્યારબાદ શીતલ મોતા દ્વારા ગેમ રમાડવામાં આવી હતી. ગેમના વિજેતા - સુચી નાગડા. હાઉઝી વિજેતા - રૂચી નાગડા અને જ્યોતીબેન નાગડા. પ્રોગ્રામને સફળ બનાવવામાં ભાવિની દંડ (સેક્રેટરી), મૃદુલાબેન નાગડા (સહ ખજાનચી), કલ્પનાબેન મોતા, પદ્મીનીબેન અને લતાબેન નાગડાએ મહેનત કરી હતી. તેમજ ''લેડી ઓફ ધી ઈવેન્ટ'' નું ખિતાબ વૃધ્ધિ લોડાયાએ જીત્યું હતું. આદિપુર દેરાસરની ૨૫મી વર્ષગાંઠ નીમીત્તે એકતા મહિલા મંડળ દ્વારા ઘર દીઠ તોરણની પ્રભાવના કરવામાં આવી હતી.

### ભીવંડીમાં નેચરોપેથી આરોગ્ય શિબીર

ભીવંડીમાં ૨૬/૧/૨૦૧૮ થી ૨૧/૨/૨૦૧૮ સુધી નેચરોપથી આરોગ્ય શિબીર યોજવામાં આવી છે જેમાં આંખોની સૂકાયેલી નસો, પેરેલેસીસ તથા મસ્કયુલ ડીસ્ટ્રીફીના દર્દીઓની સારવાર કરવામાં આવશે. આ શિબીરમાં જ્ઞાતિના નેચરોપેથ ડૉ. ઉપેન્દ્રકુમાર સુધાકર શાહ (નલીયા-ભાવનગર) માનદ્ સેવા આપશે. જ્ઞાતિજનોને આ શિબીરમાં જોડાવા માટે નીચે નંબર ઉપર રજીસ્ટ્રેશન ૨૧/૧/૨૦૧૮ સુધીમાં કરાવવું. પારસ રાયચંદ ગડા - 93242 06804, અંજુબેન ગડા - 98924 31226, સુરેશ રાયચંદ ગડા - 93237 76132.

આ અગાઉ આપણી જ્ઞાતિના ડૉ. ઉપેન્દ્રકુમાર સુધાકર શાહની શિબીરો તાજેતરમાં ડુમરા (શ્રી જૈન મહાજન), ગુંદાલા (વડીલ વંદના) તથા પુના (શ્રી અચલગચ્છ જૈન સંઘ)માં યોજાઈ હતી.

### મુમુક્ષુ નેહાબેન હિતેશભાઈ મોમાયા - માલેગાંવ

કચ્છ સાંયરા હાલે માલેગાંવ, મહારાષ્ટ્રમાં સ્થાયી હિતેશભાઈ અને અંજનાબેનની પુત્રી નેહાને વારસામાં મોટી બે બહેનો દિક્ષિતરૂપે મળેલી છે. પૂ. સાધ્વીશ્રી નમ્રપ્રજ્ઞાશ્રીજી મ.સા. અને પૂ. સાધ્વીશ્રી અર્હંપ્રજ્ઞાશ્રીજી મ.સા. એમના માસીના પુત્ર દિક્ષીત બન્યા પૂ. મુનિશ્રી ભવ્યયશવિજયજી મ.સા.ના રૂપે (પંડિતવયે વિશાલભાઈ લક્ષ્મીચંદ ધરમશી, સુથરી-મુલુંડના નાના ભાઈ). તેમના માતુશ્રી પણ પૂ. સાધ્વીશ્રી વિનયદર્શિતાશ્રીજી મ.સા. બન્યા. પોતાની બે બહેનો ઉપરાંત માસીની પુત્રી બે બહેનો પૂ. સા. શ્રી તત્વપ્રજ્ઞાશ્રીજી મ.સા. અને પૂ. સા. શ્રી નિર્વાણપ્રજ્ઞાશ્રીજી મ.સા. એ પણ દિક્ષા લઈ જાણે સંયમનો ચીલો આગળ વધાર્યો. માસિયાઈ ભાઈ પણ દિક્ષિત બની પૂ. મુનિ શ્રી ઉજ્જ્વળયશવિજયજી મ.સા. બન્યા છે. ભાગ્યશાળી કુ. નેહાના માતા-પિતાએ મોહ જીતી સંયમ પંથે સંચરવા સહર્ષ સંમતિ આપી. કુ. નેહા રૂપરંગે સુંદર તો છે જ, આંતરિક સૌંદર્યને પણ પ્રાપ્ત કર્યું છે વિશિષ્ટ જ્ઞાન - ધ્યાનની તાલિમ મેળવીને. જ્ઞાનાધ્યયનમાં સાધુજીવન યોગ્ય ક્રિયા વિધિ ઉપરાંત જૈનધર્મનો સૈધ્દાંતિક અભ્યાસ અને સંસ્કૃત ભાષા જ્ઞાન મેળવી લીધું છે. ચાર વર્ષ સુધી ગુરૂ મહારાજ પૂ. સાધ્વીજી ભગવંત પ્રશમિતાશ્રીજી મ.સા. ના સાંનિધ્યમાં ગાળીને હજાર કિ.મીને વિહાર પણ કરી લીધો છે. કલ્યાણક ભૂમિઓ વગેરે તીર્થોની સ્પર્શના - યાત્રાથી દર્શનની નિર્મળતા પણ મેળવી છે. મૂળ અચલગચ્છ માન્યતા ધરાવતો આ પરિવાર પ્રવચન પ્રભાવક પૂ. આચાર્ય ભગવંત શ્રી કિર્તીયશસૂરીશ્વરજી મ.સા. નાં પ્રવચનોના શ્રવણ થી તપાગચ્છમાં ભાવિત થયો છે. અને પરિવારમાંથી આઠમી દિક્ષા રૂપે કુ. નેહાનો નિષ્ક્રમણ થઈ રહ્યું છે. તેમણે વર્ધમાન તપની ઓળીઓ, નાના-મોટા તપો અને


**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**

માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537

- સાચી / ટેસ્ટેડ જરીની સાડીઓ / બોર્ડરો
- રેસમવર્કના ફેન્સી ચ. ચોલી • રેડીમેઈડ ફેન્સી કુર્તીઓ
- ભારે પાનેતર • પારસી હાથ અને મશીનની સાડીઓ
- એમ્બ્રોઈડરી મેઈક ટુ ઑર્ડર

સોમવાર બંધ

પોષધ જેવી આરાધનાઓ કરી છે. ફાગણ સુદ ત્રીજ, ૧૮ ફેબ્રુઆરી ૨૦૧૮ પાલીતાણા મુકામે વિજય પ્રસ્થાન ઉજવનાર છે.

**કોઠારા જિનાલયની વર્ષગાંઠ ઉજવાશે**

અબડાસા પંચતીર્થિના સેન્ટર સમાન કોઠારા ગામે આવેલા શ્રી શાંતિનાથ જિનાલયની વર્ષગાંઠ ૨૯/૧/૨૦૧૭ના ઉમંગભેર ઉજવાશે. આ પ્રસંગે કોઠારા ગામની ૧૦૧ નિયાણીબેનો પધારી ધ્વજા રોહણ કાર્યક્રમને શોભાવશે.

કોઠારા ગામે જિનાલય વર્ષગાંઠ ઉજવવાની જોરદાર તૈયારીઓ ચાલી રહી છે. ગામની નિયાણી બહેનો દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. તો શ્રી કોઠારા જૈન મહાજનશ્રી તથા કોઠારા જૈન મિત્ર મંડળનાં ટ્રસ્ટીઓ કાર્યકરો પણ માદરે-વતન કોઠારા પહોંચી રહ્યા છે.

**વસંતપંચમી દિને માંડવી જિનાલયની વર્ષગાંઠ ઉજવાશે**

શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિનું માંડવીનાં બંદર રોડ ઉપર શ્રી અજિતનાથજી જૈન દેરાસર આવેલું છે. જની વર્ષગાંઠ ૨૧-૧-૨૦૧૭ના ઉજવાશે, શ્રી ભદ્રીકભાઈ પી. મૈશેરીએ જણાવ્યું છે. આ પ્રસંગે સંઘમાતા શ્રી ભારતીબેન ભાગચંદ દામજી જૈન પરિવાર દ્વારા સંઘ જમણ યોજાયું છે.


॥ જૈનમ્ જયતિ શાસનમ્ ॥

**માનવજ્યોત પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ મુંબઈની પ્રેરણાથી માનવજ્યોત સંસ્થા ભુજ સંચાલિત શ્રી જલારામ બાપાની કૃપાથી**

**શ્રી રામદેવ સેવાશ્રમ**

**પાલારા-કચ્છ (તા. ભુજ)**

ભુજથી રણોત્સવ રસ્તે જતાં ભુજથી માત્ર ૬ કિ.મી. નાં અંતરે કચ્છનું સૌ પ્રથમ માનસિક દિવ્યાંગોને સારવાર અપાવી ઘર સુધી પહોંચાડવાનું કાર્ય કરતું સેવાશ્રમ આવેલું છે. **અહીં નવનીત અતિથિગૃહ તથા જૈન ભોજનશાળા અને વિશાળ હોલ તેમજ રૂમોની સુંદર સવલતો ઉપલબ્ધ છે. ૪૩ પાકા રૂમો, હોલ, ગાર્ડન, ફુવારો, કોમ્પ્યુટર રૂમ તથા અતિથિગૃહનાં પાંચ રૂમો સાથે અનેકવિધ સુવિધાઓ ઉપલબ્ધ છે. ૧૦૦ લોકોની રાત્રિ રોકાણની વ્યવસ્થા પણ છે.** અઢી એકર જમીનમાં રૂપિયા દોઢ કરોડના ખર્ચે આ આશ્રમ નિર્માણ પામ્યું છે. કચ્છ આવતા-જતા ભાવિકોને શ્રી રામદેવ સેવાશ્રમની મુલાકાત લેવા વિનંતી છે.

**સંપર્ક : પ્રબોધ એચ. મુનવર**

ભુજ-કચ્છ. મો. ૯૯૨૫૧૬૯૮૭૬


**ચેરીટી કમિશનરે અનંતનાથજી ટ્રસ્ટની અરજી ખારીજ કરી**

આધારભૂત સાધનો દ્વારા માહિતી મળી છે કે ચેરીટી કમિશનરે ગત નવેમ્બર ૨૦૧૭માં અનંતનાથજી ટ્રસ્ટની એક અરજી ખારીજ કરી છે (Rejected). આ અરજી ''અનંતસિધ્ધિ'' (ભાંડુપ)ના પુનર્વિકાસ અંગે મંજૂરી મેળવવા સંબંધીત હતી કે ટ્રસ્ટની અન્ય કોઈ મિલકત સંબંધિત હતી તેની જાણકારી ટૂંક સમયમાં મળવાની શક્યતા છે.

**પ્રબોધ મુનવરને ''અહિંસા એવોર્ડ'' અર્પણ કરાયો**



કચ્છ ભુજમાં ગત ૧૨ જાન્યુઆરીએ ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર, એન્કરવાલા અહિંસાધામ દ્વારા સંસ્થાના ૨૬માં વર્ષના અવસરે જીવદયા અને માનવસેવા ક્ષેત્રે સક્રિય કાર્ય કરી રહેલા પ્રબોધ મુનવરને ભૂતપૂર્વ વિધાનસભા તારાચંદ છેડા, દામજીભાઈ અને જાદવજીભાઈ એન્કરવાલાના હસ્તે , અહિંસા એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો.

**બિદડામાં ૪૪મા મેગા તબીબી કેમ્પમાં દર્દીઓનો ઘસારો : વિવિધ દર્દની સારવાર**

ભુજ, તા. ૧૭ : બિદડા સર્વોદય ટ્રસ્ટ સંચાલિત કે. એમ પટેલ આરોગ્ય ધામ ખાતે ઊભા કરાયેલા નવનીત નગરમાં ૪૪મા મેગા મેડિકલ અને સર્જિકલ કેમ્પમાં સારવાર માટે માત્ર કચ્છ નહીં બલ્કે સૌરાષ્ટ્ર, ગુજરાત અને મહારાષ્ટ્રમાંથી દર્દીઓનો ઘસારો રહ્યો છે. લક્ષ્મીબેન જાદવજી કેનિયા (બારોઈ)ના સૌજન્યથી યોજાયેલા ઈ.એન.ટી. કેમ્પમાં અને



**Nine Type Chips :**
Bajri • Nachni • Makai • Mung • Soya • Kela
**Nine Type Mukhwas :**
Alsi Badam • Crunchy • Evergreen
**DRFT Bhel & Many More....**
Anil - 98203 86895 • Heena - 72086 27871

અનિલ જૈન (યુએસએ) ના સૌજન્યથી યોજાયેલા ઓડિયોલોજી કેમ્પમાં ૬૩૬ દર્દીઓની તપાસ, ૧૮૦ દર્દીઓના ઓડિયોગ્રામ અને ૪૦ દર્દીઓને કાનના મશીન આપવામાં આવ્યા અને ૬૦ દર્દીઓનાં ઑપરેશન માટે તારવી બાકીના દર્દીઓને ફેબ્રુઆરીમાં બોલાવાયા છે. આ કેમ્પમાં પેટના રોગોના ૩૦૪ દર્દીઓની તપાસણી કરી માર્ગદર્શન આપ્યું હતું. ૨૦ દર્દીઓની એન્ડોસ્કોપી, ૧૦ દર્દીઓની કોલોનોસ્કોપી કરવામાં આવી હતી. શસ્ત્રક્રિયા ઉપરાંત વિવિધ સેવાઓ પણ પૂરી પડાઈ હતી.

**પાલિતાણાના જૈન સાધુ અને સાધ્વી વચ્ચેનો વિવાદ પોલિસ સ્ટેશન પહોંચ્યો**

**(જન્મભૂમિમાં પ્રકાશિત સમાચારના આધારે)**

પાલિતાણામાં એક માસથી જૈન સાધ્વી ભવ્ય પદમાજી અને સાધુ દિવ્યશેખરવિજયજી વચ્ચે વિવાદ ચાલે છે. યાત્રિકો પાસેથી પૈસા લેતા સાધ્વી પકડાયા હતા. તેમને સાધુ દિવ્યશેખરવિજયજીએ પૈસા લેવાની ના પાડતાં મામલો બીચક્યો હતો. આ સમયે સાધ્વીએ સાધુને અપશબ્દો કહીને દાંડાથી માર મારીને બચકા ભરી લીધા હતા. આ તકરારના કારણે જૈન સમાજમાં ચકચાર મચી ગઈ હતી. સાધ્વી બે ત્રણ ભાડૂતી માણસોને લઈને સાધુ દિવ્યશેખરને માર મારવા માટે નાની શાકમાર્કેટ પાસે આવેલી જામનગરવાળી ધર્મશાળાએ પહોંચ્યા હતા. ત્યાં હોબાળો થતાં તેમની સાથે આવેલા ભાડૂતી માણસો નાસી ગયા હતાં. જ્યારે સાધ્વીને ધર્મશાળના રૂમમાં પુરી દઈને તાળુ મારી દેવામાં આવ્યું હતું. આ અંગેની જાણ થતાં પાલિતાણા જૈન સંઘના આગેવાનો ધર્મશાળાએ પહોંચી ગયા હતાં અને તાળું ખોલવા જણાવ્યું હતું. પરંતુ જૈન સાધુએ પોલીસ આવશે પછી તાળુ ખોલાશે તેમ જણાવ્યું હતું. આ અંગે બન્ને પક્ષોએ સામસામી અરજીઓ આપ્યાનું જણાવીને પોલીસ અધિકારીએ તપાસ ચાલુ છે તેવી માહિતી આપી હતી.



**પાસ થયા અભિનંદન**

**કુ. કરિશ્મા હર્ષદ લોડાયા**

મલકાપુર - સુથરી

(MCA) III Year,

V સેમીસ્ટર

**9.3 / 10** કૉલેજમાં પ્રથમ

।। નમામિ જ્ઞાતિ મૈયૈ ।।

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન

**કાર્યાલય :** C/o. તન-મન ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ, ૧૯-૨૦, મોનાણી સદન (ભુજબલ નિવાસ), ૧૯૦/૯૧, જવાહરલાલ નેહરૂ રોડ, ભારત બેંકની સામે, મુલુન્ડ (પ.), મુંબઈ - ૪૦૦ ૦૮૦.

ના કોઈની માથે, સદા સર્વથા સૌની સાથે

## કેલેન્ડરની વિતરણ વ્યવસ્થા

હંમેશા મુજબ નિર્ધારીત સ્ત્રોતોથી આ વર્ષ મુંબઈ વિભાગના ઍડ્રેસો પ્રાપ્ત ન થતા આ વર્ષે કુરીયર દ્વારા કેલેન્ડર પહોંચાડવાની વ્યવસ્થા ન થઈ શકી, તે બદલ દિલગીર છીએ. ઉદ્‌ભવેલ સ્થિતીને સંભાળી લેવા અત્રે દર્શાવ્યા મુજબ વ્યવસ્થા ગોઠવાઈ તે બદલ અને સ્વંય આગળ આવી, આપેલ સહકાર બદલ સહયોગ આપનાર સૌનો આભાર.

(૧) **ડોંબિવલી, ઠાકુર્લી, કલવા, કલ્યાણ, ટીટવાલા, બદલાપુર, અંબરનાથ, દીવા, વિઠ્ઠલવાડી** - શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબિવલી (૨) **વડાલા, ઍન્ટોપહીલ** - શ્રી ક.દ.ઓ. જૈન સંઘ વડાલા (૩) **ઘાટકોપર, વિદ્યાવિહાર, ચેમ્બુર** - શ્રી જી.વી.સી. સંઘ (૪) **ભાંડુપ** - શ્રી અનંત યુવા મંડળ, ભાંડુપ (૫) **કાંજુરમાર્ગ** - શ્રી અનંતનાથ કોમ્પલેક્ષ સોસાયટી (૬) **સમગ્ર નવી મુંબઈ** - શ્રી ક.દ.ઓ. જૈન નવી મુંબઈ સંઘ (૭) **માટુંગા** - મીડટાઉન (લેડીસ વીંગ) (૮) **સાયન કોલીવાડા** - શ્રી ચીમનલાલભાઈ શિઆડ (૯) **મસ્જીદ, સેન્ડહર્સ્ટરોડ** - શ્રી ક.દ.ઓ. જૈન સંઘ, મસ્જીદબંદર (૧૦) **થાણે, વાગળે એસ્ટેટ** - શ્રી દિલીપભાઈ દંડ (૧૧) **મલાડ** - શ્રી કીરણભાઈ ધુલ્લા (૧૨) **કાંદિવલી** - શ્રી ખુશાલભાઈ મોતા

પશ્ચિમી પરા અને ઉપરોક્ત સિવાયના બાકી રહેતા વિસ્તારમાં ના સંઘ-મંડળ-ગ્રુપ કે વ્યક્તિગત આગળ આવી, જ્ઞાતિની આ અભિનવ અને અત્યંત ઉપયોગી પુરવાર થયેલ પ્રવૃત્તિમાં આપનો સાથ ઝંખીએ છીએ. દેશાવરના પણ પ્રાય કેલેન્ડરો મુંબઈથી જે તે સ્થળો માટે ડીસ્પેચ થઈ ચૂક્યા છે. થયેલ વિલંબ બદલ ક્ષમા પ્રાર્થી છીએ.

વિજ્ઞાપન દ્વારા સહયોગ આપનાર જ્ઞાતિજનો, પ્રુફ અને મીતીઓ તપાસી આપવા બદલ શ્રી દિપકભાઈ ગંગાજર ડાઘા, શ્રી લહેરચંદ વેલજી મૈશેરીનો તેમજ પોતાના અલગ કેલેન્ડર ન છપાવી ગત વર્ષોની જેમ આ વર્ષે પણ સહકાર આપનાર શ્રી ક.દ.ઓ. મંડળ, ડોંબિવલી, શ્રી ક.દઓ. વિદ્યાર્થી સંઘ, દેશાવરના કેલેન્ડરો મોકલવા ટ્રાન્સર્પોટરો, વિતરણ કરી આપનાર સંઘ, મહાજન, જ્ઞાતિજનો, ચીંતન ગ્રાફીક્સ અને ટીમનો તેમજ વિમોચન કરવા પ્લેટફોર્મ પુરું પાડવા શ્રી વારાપધર મહાજનનો વિશેષ આભાર !

કેલેન્ડર ન મળ્યા હોય, મેળવવામાં મુશ્કેલી થતી હોય તો ટ્રસ્ટ મંડળ, કાર્યાલય કે સે.જ. **ચીમન મોતા** - 09322220708 પર વ્હોટસઍપ /મેસેજ દ્વારા સંપર્ક કરી મેળવી લેવા. આપનો સહયોગ એજ વૈકલ્પિક વ્યવસ્થાનો ઉત્તમ પર્યાય !!

સેક્રેટરી જનરલ : **ચીમન મોતા**

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૫-૧૧-૧૭ | ખામગામ | ઈજલ, લીનાલી જતિન ઉપેન્દ્ર લોડાયા | કોઠારા | પુત્રી |
| ૧૭-૧૧-૧૭ | જાલના | તિયાંશ, ખુશ્બુ યુનિત દિનેશ ધરમશી | નલિયા | પુત્ર |
| ૨૦-૧૨-૧૭ | મુલુંડ | ભવીશ, જસ્મીના હિરેન લુઠિયા | રવા | પુત્ર |
| ૦૧-૦૧-૧૮ | બેંગલોર | કાઈરા, શીખા મીત સતીશ પ્રવિણચંદ્ર લુઠિયા | નાની ખાવડી | પુત્રી |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮-૦૧-૧૮ | મુલુંડ | મયંક પ્રવીણ હંસરાજ લોડાયા | આરીખાણા | ૨૬ |
| | વાશી | હર્ષિતા ચંદ્રેશ સોમચંદ ડાઘા | વરાડીયા | ૨૬ |
| ૧૮-૦૧-૧૮ | ખામગામ | વિક્રમ વિજય નવીનચંદ્ર નાગડા | નલિયા | ૨૭ |
| | કોચીન | પૂજા મહેન્દ્ર માણેકજી લોડાયા | સાંયરા | ૨૬ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૩-૦૧-૧૮ | સાયન | સમર્થ શૈલેશ સનત લોડાયા | મોટી સિંધોડી | ૩૩ |
| | મુંબઈ | ક્રીના જીતેન્દ્ર દેવજી શાહ | ગુંદાલા | ૨૮ |
| ૧૩-૦૧-૧૮ | કાંદિવલી | ધવલ મનોજ વિનોદરાય કટકિયા | નેસડા | ૩૦ |
| | નેરુલ | મિતાલી જગદીશ શિવજી નાગડા | નલિયા | ૩૧ |
| ૧૭-૦૧-૧૮ | ધુલિયા | ધીરજ દિલીપ સુરાણા | મીર ખાના | ૩૧ |
| | ધુલિયા | જલ્પા તેલેશ નારણજી ધરમશી (ભાટે) | સુથરી | ૨૮ |
| ૧૮-૦૧-૧૮ | લંડન | જેક રોટ્રીવીલીયન જેકીનસ | લંડન | ૨૬ |
| | નેરૂલ | નિકિતા કમલેશ ઝવેરચંદ લોડાયા | નાની ખાવડી | ૨૭ |

### સગપણ છુટા થયા

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭-૦૧-૧૮ | પુણે | રોહિત કિશોર રાયમલ નાગડા | નલિયા | ૨૮ |
| | રાયચુર | નિરાલી શ્રીકાંત બંકિમચંદ્ર લોડાયા | સુથરી | ૨૬ |

### લગ્ન છુટા થયા

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯-૧૨-૧૭ | મુલુંડ | ગૌરવ વીરેન્દ્ર ઉત્તમચંદ મેપાણી | પરજાઉ | ૩૩ |
| | રાયચુર | પ્રિયા પ્રવીણચંદ્ર માણેકજી મૈશેરી | નાની સિંધોડી | ૩૦ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૯-૧૧-૧૭ | જામનગર | ગીતાબેન ઠાકરશી મોતીચંદ ધરમશી | ભરૂડીયા | ૫૮ |
| ૧૪-૦૧-૧૮ | ગાંધીધામ | મનીષ ઉમરશી લાલકા | વારાપધર | ૪૫ |
| ૧૫-૦૧-૧૮ | લોનાવલા | હાર્દિક વિરચંદ શામજી મોતા | નલિયા | ૨૮ |
| ૧૬-૦૧-૧૮ | કોઠારા | નવલબાઈ પદમશી હિરજી મુનવર | કોઠારા | ૮૨ |
| ૧૭-૦૧-૧૮ | કોચીન | વિજયાબેન લહેરચંદ લોડાયા | નલિયા | ૭૪ |
| ૧૭-૦૧-૧૮ | ડોમ્બીવલી | પ્રેમાબાઈ દેવશી શામજી ધ્રોલ | ગોધરા | ૮૩ |
| ૧૯-૦૧-૧૮ | વારાપધર | વિજયાબાઈ પમદશી છેડા | સુજાપુર | ૬૪ |
| ૧૯-૦૧-૧૮ | ચુનાભટ્ટી | ચંદનબેન ડુંગરશી ધરમશી | સુથરી | ૮૭ |
| ૨૦-૦૧-૧૮ | અંધેરી | કાંતાબેન કાનજી નરશી મુનવર | જખૌ | ૮૨ |

### કચ્છી કસબ - ૧૧૪ નો ઉકેલ


આડી ચાવીઓ -

(૧) ધરાર (૩) વેનાય (૫) ટંગા (૭) છાય (૯) વેનાણ ફેટાણ
(૧૧) ગાભો (૧૨) જલો (૧૩) ભગો (૧૫) ફેસકાય (૧૭) સાભુંણ
(૧૯) ગેનો (૨૨) મોઠ (૨૪) ગેરીયો (૨૫) કારો (૨૬) પોંચ
(૨૭) સોળો (૨૮) પેચા (૨૯) પેંઢજા (૩૦) મેમાણ
(૩૧) રેઢ (૩૨) રવાડે (૩૩) ગેડા

ઊભી ચાવીઓ -

(૧) ધસેવેજ (૨) રયાણ (૩) વેછાણ (૪) નાય (૬) ગારો
(૮) ગાંગાગોસા (૯A) નાલો (૧૦) ફેટફેટ (૧૪) સોણ
(૧૬) કારીયારો (૧૮) ભુંસ (૧૯) ગેડગેડ (૨૦) તોમો
(૨૧) નયો (૨૩) ઓચટપીડા (૨૫) કાળો
(૨૭) સોજાર (૨૮) પેણયો (૨૯) પેંઢ (૩૦) મેડે

## કુણાલ તિલકભાઈ ડાઘાને ગુજરાતના મુખ્યમંત્રીશ્રીના હસ્તે સુવર્ણચંદ્રક એનાયત થયો



જી.ટી.યુ. દ્વારા લેવાયેલી માસ્ટર ઓફ એન્જિનિયરિંગ મશીન ડિઝાઈન ચોથા સેમીસ્ટરની પરીક્ષામાં ૯૦ ટકા ગુણ સાથે સતત ચોથી વખત સમગ્ર ગુજરાતમાં પ્રથમનંબરે આવનાર માંડવીનાં કૃણાલ તિલકભાઈ ડાઘાને, સ્વામિ વિવેકાનંદ જયંતિએ મહાત્મા મંદિર, ગાંધીનગર મધ્યે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીનાં વરદ્ હસ્તે સુવર્ણ ચંદ્રક એનાયત કરવામાં આવેલ.

આપણા જ્ઞાતિનાં યુવાન કુણાલ ડાઘાને ગોલ્ડ મેડલ અર્પણ થતાં શ્રી ક.દ.ઓ. જૈન કચ્છ એકમ સંસ્થાનાં પ્રમુખ મહેશ લાલકા, મંત્રી લહેરચંદ ખોના, ક.દ.ઓ. ભુજ મહાજનાં પ્રમુખ પ્રબોધ મુનવર, ખુશાલ લોડાયા, ગાંધીધામ મહાજન ચિરાગ મોમાયા, પ્રદિપ ખોનાએ અભિનંદન પાઠવ્યા હતા. કૃણાલ ડાઘાને ઠેર-ઠેરથી અભિનંદન મળી રહ્યા છે.

## લગ્ન સંબંધી



### સેજલ અલકા જવેરચંદ શામજી લોડાયા

કચ્છ - લાલા - વડાલા

જન્મતારીખ : ૨૧-૬-૯૨
ટાઈમ : ૨.૫૦ બપોરે મુંબઈ. (શનિ મંગલ છે)
હાઈટ : ૫.૩ વજન : ૪૮
અભ્યાસ : M.S. (IT)
Working : Wipro Co., Pune Project Senior Engineer
સંપર્ક : **99304 20682**


SOURUS®
We Care Better

An Easy And Convenient Platform
**To Sell Online**

Free Listing &
**Marketing**

FREE

Multipurpose
**Seller Panel**

Use your mobile to track, manage, update your products and orders easily

**Live Chat**

Our Customer Care is always there for you!

&

No Upfront
Investment

Contact us:
support@sourus.com or (022)62368785

Log into Sourus.com
**And Start Selling**

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (22-01-18)
Postal Regd. No. MCS/217/2018-2020
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

# વ્યવસાયમાં વ્યસ્ત તો પણ રસ-શોખમાં મસ્ત

## CA કેતન શિવજી વિકમશી



૮૦ વર્ષ જુની રજીસ્ટર્ડ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ફર્મ ખીમજી કુંવરજી એન્ડ કું માં ઇ.સ. ૧૯૯૦ થી જોડાયેલા શ્રી કેતનભાઈ ફર્મના સીનીયર પાર્ટનર છે. એચ.એસ.બી. ફેડરેશનના ચેરમેન, મેટ્રોપોલીટન સ્ટોક એક્સચેન્જ ઑફ ઇન્ડિયાના ડાયરેક્ટર તથા અન્ય વ્યવસાયિક તથા સામાજીક સંસ્થાઓમાં સેવાઓ આપી રહ્યા છે. તે ઉપરાંત શ્રી કેતનભાઈ વાઈલ્ડ લાઇફ ફોટોગ્રાફર છે. તેમની તસ્વીર 'કોરી બસ્ટર્ડ કપલ વિથ કીલ'ને નેચરલ હિસ્ટ્રી સોસાયટી એન્યુઅલ એવોર્ડ ૨૦૧૭ મળેલ છે. એવોર્ડ વિજેતા તસવીર ઉપરાંત કેટલીક તસવીરો.











## પાર્થ કેતન વિકમશી

મુંબઈની એચ.આર. કોલેજમાં TY B.Com માં અભ્યાસ કરી રહેલા કેતનભાઈના સુપુત્ર પાર્થ પણ વાઈલ્ડ લાઈફ ફોટાગ્રાફીમાં પ્રવૃત્ત છે. આ છે તેમણે ક્લીક કરેલી કેટલીક વાઈલ્ડ લાઈફની તસવીરો.






પ્રકાશ સમીક્ષાના અભિનંદન....

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,